સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

પંખ®

અંક ૫૨ | જુલાઇ ૨૦૨૧

કોણે કીધું ગરીબ છીએ ?
કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા મન રે ભોળા !
આપણા જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે,
થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું ?
એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બેન્ક બેઠી છે
આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને
કાલની વાતો કાલ.

- મકરન્દ દવે

VISIT…

આ અંકમાં...

૧ **સંપાદકની કલમે**

સુપર-મોડેલ

યાજ્ઞિક વઘાસિયા

૩ **જસ્ટ બે મિનિટ**

ભાડાનું મકાન

ડૉ. રંજન જોષી

૪ **વાર્તાનું આકાશ**

પાઉચવાળો

હીરલ અભિનય વ્યાસ

૭ **CONNECTING... કવિતા**

ગઝલ

જવાહર બક્ષી

૮ **CONNECTING... કવિતા**

અછાંદસ

કે. ડી. સેદાણી 'આકાશ'

૯ **અંતરકેડી**

ચીંદરી - ભીંત ફાડીને ઉગેલા પીપળાની સાહસકથા ભાગ-૨

બંસરી જોષી

૧૩ **વાર્તા-સેતુ**

ઉઝરડો

તેજલ શાહ

૧૬ **તમને મળ્યાનું યાદ**

જ્યારે રાજા બનીને આંસુઓ ઘોડે સવાર થયા ત્યારે..

રાજુલ ભાનુશાલી

આ અંકમાં...

૨૦ **શબ્દ-સંપુટ**

આપણું રાજચિહ્ન કયું? અશોકસ્તંભ કે અશોકચક્ર?

ડૉ કાર્તિક શાહ

૨૪ **લઘુ-નવલ : તડકા ભીનાં મૃગજળ**

પ્રકરણ-૧: ગ્રહણ એક પૂનમનું

અર્ચિતા દીપક પંડ્યા

૨૯ **NexTECH**

કેવી હશે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન?

વર્ધન શાહ

૩૩ **REWINDING...**

સ્ટેચ્યૂ રમવાની મઝા

અનિલ જોશી

૩૮ **લેખ**

મન શું કહે છે!

પિન્કી પરીખ

❖ અમારો સંપર્ક અહીં કરો...

WhatsApp
https://wa.me/916355953355

Telegram
https://telegram.me/pankhemagazine

Gmail
pankhemagazine@gmail.com

❖ અમને Follow અહીં કરો...

Facebook
https://m.facebook.com/pankhemagazine

Instagram
https://www.instagram.com/pankhemagazine/

Telegram Channel
https://t.me/pankhemagazineofficial

Twitter
https://twitter.com/pankh_emagazine

YouTube
https://m.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

❖ અમારા વિશે સંપૂર્ણ માહિતી અને જૂના અંકો...

Website
https://pankhmagazine.com/

પંખ e-magazine

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન પ્રકાશિત થતા કોઇપણ લખાણના વિચારો સર્જકના પોતાના છે. એ વિચાર સાથે ટીમ પંખના સભ્યો સહમત છે જ, એવું માની લેવું નહિ. આથી લખાણને લીધે કોઈ પણ વિવાદ ઉભો થાય તો એની જવાબદારી સંપૂર્ણપણે સર્જકની પોતાની રહેશે. 'પંખ' આમાં દરમિયાનગીરી કરવા બાધ્ય નથી.

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન કોઈ પણ પ્રકારે પ્રકાશિત સામગ્રીમાં મોટેભાગે સર્જકની પરવાનગીથી જ કૃતિ મુકવામાં આવે છે. ક્યારેક કોઈ સર્જકની પરવાનગી લીધા વગર એમની કોઈ કૃતિ કોઈપણ સ્વરૂપે મુકવામાં આવે તો એમાં અમારો એક જ શુભ આશય છે કે સર્જકના લખાણને બિરદાવવું અને ગુજરાતી ભાષા વાંચી શકતા મહત્તમ લોકો સુધી સર્જકોની કૃતિ પહોંચાડવી અને વધુને વધુ લોકોને ગુજરાતી ભાષામાં રસ લેતા કરવા.

● અમારું સ્પષ્ટપણે માનવું છે કે, કૃતિ લખાય જાય એ પછી લોકોની બની જાય છે. પણ એ સર્જવા માટે સર્જકે કરેલા શ્રમને યોગ્ય શ્રેય મળે, એ માટે કૃતિની સાથે એના સાચા સર્જકનું નામ જોડાય, એ અમારો મહત્તમ પ્રયાસ રહેશે.

● અત્રે, 'પંખ' કોઈ રાજકીય, સામાજિક કે ધાર્મિક વિચારધારા પ્રત્યે પક્ષપાત કરતું નથી. તદુપરાંત, 'પંખ' બિનવ્યવસાયિક ધોરણે કામ કરે છે અને અમારા માટે આ આર્થિક ઉપાર્જનનું સાધન નથી.

● 'પંખ' સંપૂર્ણપણે સાહિત્યિક હોવાનો દાવો કરતું નથી. આથી લાક્ષણિક ગુજરાતી સાહિત્યના બધા જ નિયમો પળાય, એ જરૂરી નથી. 'પંખ' ગુજરાતી મેગેઝીન છે, ગુજરાતી ભાષાનું મેગેઝીન નથી.

સંપાદકની કલમે

યાજ્ઞિક વધાસિયા

સુપર-મોડેલ

સેલિબ્રિટીઓની ઝાકમઝોળ જિંદગી પાછળની અસલી જિંદગી પર, એમના ઉતાર-ચઢાવ પર ફિલ્મો બનાવવા માટે બોલીવુડના જાણીતા ડાયરેક્ટર મધુર ભંડારકરે ૨૦૦૮માં મોડેલિંગની દુનિયાની વાર્તા લઈને 'ફેશન' ફિલ્મ બનાવી હતી, કે જેમાં દમદાર અભિનય કરવા માટે પ્રિયંકા ચોપરા અને કંગના રનૌતને નેશનલ ફિલ્મ એવોર્ડ્સ અને ફિલ્મફેર ઉપરાંત બીજા કેટલાય એવૉર્ડ મળ્યા હતા. આ ફિલ્મમાં જ્યારે એક એડ-એજન્સીની હેડ ઘણાબધા સપના લઈને નવીનવી મુંબઇ આવેલી અને કામ માટે ઓફિસ-ઓફિસ, પાર્ટી-પાર્ટી ભટકતી મેઘના (પ્રિયંકા ચોપરા)ને એમ પૂછે છે કે, “તું મોડેલ બનવા આવી છે, એમ ને?” ત્યારે મેઘના એને આંખમાં આંખ નાખીને પુરા આત્મવિશ્વાસથી કહે છે, “ના. સુપર-મોડેલ..”ફ્રન્ટ કવરપેજ પર રહેલો ફોટો પહેલી વાર જોઈને મને ‘ફેશન’નો આ સીન જ મગજમાં સ્પાર્ક થયેલો. મોડેલિંગ એ વ્યવસાય કરતા વધુ આંખો અને

ડી-લેન્ગવેજમાંથી ઝળકતું એક વ્યક્તિત્વ છે ને કવરપેજમાં રહેલી લધરવધર મેલા કપડાંમાં હાથમાં માટલું લઈને 'સ્ટાઈલ'માં ઉભી એ છોકરીની બહાર એક ઊર્જા સ્વરૂપે પ્રસરે છે. એ કોણ છે, ક્યાંથી છે, મને કંઈ જ નથી ખબર. પણ ટીવીમાં આવતી સાબુ અને ફેરનેસ ક્રીમની જાહેરાતોમાં દેખા દેતી ગોરી-ચીટ્ટી મોડેલો એના ફોટોજેનિક ચહેરો અને ઓટોજેનિક રૂઆબ સામે ફિક્કી જ લાગે! આ ફોટોને વર્ણવવો હોય તો પણ એક જ શબ્દ બરાબર ફિટ બેસે, ‘સુપર-મોડેલ’.

‘અર્પિતા દીપક પંડ્યા’ની લઘુ-નવલ ‘તડકા ભીનાં મૃગજળ’ આ અંકથી

શરૂ થાય છે, એનો વિષય પણ મોડેલિંગની દુનિયા જ છે. અર્ચિતાબહેનની સાહિત્ય પ્રત્યેની રુચિએ એમને હાથમાં કલમ પકડવાની પ્રેરણા આપી. મૂળ કથક વિશારદ હોવાથી 'અક્ષરનાદ.કૉમ' પર તેઓ નૃત્ય વિષયક શ્રેણી 'નૃત્યનિનાદ' લખી રહ્યા છે. એક ગુજરાતી સિરિયલમાં સંવાદ-લેખનનો પણ અનુભવ છે. આઠ જેટલા સહિયારા પ્રકાશનોમાં લખ્યું છે. વિશ્વના સૌથી દળદાર ગુજરાતી પુસ્તકમાં કૃતિનો સમાવેશ થયો છે. 'વિચારયાત્રા'માં કવિતા અને 'વાર્તા વિહાર', 'સ્નેહનો સંગાથ', 'મમતા', 'ગુજરાત સમાચાર', 'દિવ્ય ભાસ્કર' તથા 'સ્ત્રીઆર્થ - પ'માં વાર્તા છપાઈ છે. 'પંખ'ના છેલ્લા અંકમાં પણ એમની ટૂંકી-વાર્તાનો આપણે સમાવેશ કરેલો. છેલ્લા ઘણા સમયથી લગભગ બધા પ્રકારના સાહિત્ય અને બિન-સાહિત્ય પ્રકારોને આપણે 'પંખ'માં આવરી લીધા છે. પણ એમાં શ્રેણી સ્વરૂપે કોઈ નવલકથા કે લઘુ-નવલ હોય એવું શક્ય બન્યું નથી. પણ આ અંકથી એ પણ શક્ય બનવા જઈ રહ્યું છે. આશા છે કે આપ આ લઘુ-નવલના છેલ્લા એપિસોડ સુધી એની સાથે જોડાયેલા રહો.આ અંકથી એક બીજી પણ કોલમ શરુ થવા જઈ રહી છે. 'આ યુગ ટેકનોલોજીનો યુગ છે.' – જો એવું કહેવામાં આવે તો એ સહેજ પણ અતિશયોક્તિ નથી. સુરત હજીરા ખાતે રહેતા આઈ.ટી. કન્સલ્ટન્ટ 'વર્ધન શાહ' અધરી-અધરીઅને નવી-નવી ટેકનોલોજીને ખૂબ સરળ રીતે તમારા સુધી લઈને આવશે, એમની કોલમ 'NexTECH' થકી. તેઓ પણ અગાઉ અન્ય મેગેઝીનમાં લખી ચુક્યા છે. એમની કોલમને પણ તમે બહુ બધો પ્રેમ કરો, એવી આશા. ખુશીની એ વાત એ છે કે, કોરોનાને કારણે ઘણી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અટકેલી હતી, એ હવે લેવાવા લાગી છે અને અનિશ્ચિતતાઓ વચ્ચે અટવાયેલા વિદ્યાર્થીઓ માટે ભવિષ્યનો માર્ગ થોડો ખુલ્લો થયો છે. પણ સાથેસાથે દુ:ખની વાત એ છે કે આ બધા વચ્ચે કોરોના-વાયરસના ડેલ્ટા વેરીએન્ટનું પ્રમાણ વધતું જાય છે અને નજીકના ભવિષ્યમાં કોરોનાની ત્રીજી લહેર આવવાની પુરેપુરી શક્યતા હોવાનું નિષ્ણાતો અનુમાન લગાવી રહ્યા છે. 'ચેતતો નર સદા સુખી' – એ વાતને યાદ કરી સાવ નોર્મલાઈઝ થઈ જવા કરતા તમે પણ કોરોનાને અનુરૂપ જરૂરી સાવચેતી રાખી યોગ્ય વર્તન કરો, એ જ આજના સમયમાં ઇચ્છનીય છે. 'પંખ'નો આ અંક ગમે તો મિત્રોમાં જરૂર શેર કરો. એમને પણ 'પંખ'ના આંગણે આમંત્રણ આપો. તમારા તરફથી સૂચનો, ફરિયાદો અને શુભેચ્છાઓ હંમેશા આવકાર્ય છે. મળીએ આવતા અંકે....

જસ્ટ બે મિનિટ

ભાડાનું મકાન

ડૉ. રંજન જોષી

મંદિરના પૂજારી દરરોજ આરતીની થાળી ફેરવે. લોકો આરતી લઈ બે-પાંચ રૂપિયા પધરાવે. તહેવારને હિસાબે આજે થાળી આખી ભરેલી હતી. એક પ્રેક્ટિકલ માણસે દસની નોટ થાળીમાં પધરાવતા પૂજારીને પૂછ્યું, “આ બધી દક્ષિણા તો તમારી ને! જલસા કરો તહેવારમાં." પૂજારીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, “આ બધું તો દાનપેટીમાં જશે ભાઈ. ટ્રસ્ટી મહિને આવીને ભરેલી દાનપેટી લઈ જશે ને ખાલી મૂકી જશે.”

એ માણસે ખંધું હસતાં કહ્યું, “મા'રાજ, તમેય આવા ને આવા.. એટલે જ હજીયે ભાડાના મકાનમાં રહો છો.”

પૂજારીએ ફરી નમ્રતાપૂર્વક પોતાના શરીર તરફ આંગળી ચીંધી કહ્યું, “ભાઈ, ઈ ભાડાના મકાનને આ રસ્તે પોતાનું કરવા વિચારીએ ને તો આ ભાડાના મકાનની ઈંટ-કાંકરીય ખરવા માંડે."

એ પ્રેક્ટિકલ માણસની નજર સામે આજે જ સવારે કરાવેલો પોતાનો બાયોપ્સીનો રિપોર્ટ તરવરવા લાગ્યો.

હીરલ અભિનય વ્યાસ

પાઉચવાળો

"પાણી..ના...પાઉ...ચ લેવાના..."

સ્ટેશન પર ગાડી આવતાંની સાથે જ એક તીણો સ્વર પ્લેટફોર્મ પર રેલાયો. માણસોની ભીડને ચીરતો એ બારીએ બારીએ ફરવા લાગ્યો. એ ફરતો હોય ત્યારે એની ઝડપ ટ્રેનની ઝડપ કરતાં પણ વધારે લાગતી. જે બે-ચાર પાઉચ વધારે વેચાયાં તે!

"એ..ય..પાણીના પાઉચવાળા. એક પાઉચ આપને." અવાજની દિશામાં પાઉચ આપવા હાથ લંબાયો. એજ સમયે ગાડી ધીમા આંચકા સાથે શરુ થઈ. ગ્રાહકને છૂટ્ટા પૈસા શોધતાં વાર લાગી. પાઉચવાળા છોકરાને લાગ્યું કે આજે આ પાઉચના પૈસા નહીં જ મળે. પણ ગાડી વધુ ગતિ પકડે એ પહેલા જ બારીમાંથી એક હાથ બહાર નીકળ્યો ને છૂટ્ટો એક રુપિયો પ્લેટફોર્મ પર પડ્યો. એક પિક્ચરમાં એણે એક ડાયલોગ સાંભળેલો, "મેં આજ ભી ફેંકે હુએ પૈસે નહીં ઉઠાતા." રુપિયો ઉપાડતા સમજાયું કે એવું બોલવું અમિતાભ બચ્ચનને પોસાય, એને નહીં.

પ્લેટફોર્મ પર ખાલી બાંકડો જોઈ એની પર ગોઠવાયો. ચડ્ડીના ખિસ્સામાં હાથ નાંખીને છૂટ્ટા પૈસા પર હાથ ફેરવ્યો, અદ્દલ સવારે માએ એના માથા પર ફેરવેલો એમ જ! મા યાદ આવી ને સવારે મા સાથે થયેલો સંવાદ પણ યાદ આવ્યો.

"એકાદ પાઉચ ઓછું વેચાસે તો ચાલસે. પણ ચાલુ ટ્રેનમાં ના ચડતો."

"હા. નહીં ચડું."

"ટ્રેનથી દૂર ઉભો રહેજે. બહુ દોડતો નહિ."

"હા."

દરરોજના આ સંવાદ એને મોઢે થઈ ગયેલાં. પણ એનું કારણ પણ એને ખબર હતી. એટલે માને કંઇ કહેતો નહીં.

દૂરથી ગાડીની સીટી સંભાળાઈ ને એના વિચારોની ટ્રેન અટકી. હસતા ચહેરે ફરી 'પાણી..ના... પાઉ...ચ લેવાના...'ની બૂમ પાડી.

“બેટા, એક પાઉચ આપને પ્લીઝ.” - અડધા સફેદ અડધા કાળા વાળ વાળા એક માણસે એનું ધ્યાન ખેંચ્યુ.

“હા હા કેમ નહિ.” મા સિવાય બીજા કોઈ એ એને બેટા કહ્યું એટલે ઉત્સાહમાં આવી ગયો. બાકી 'પાઉચવાળા' સાંભળી સાંભળીને ક્યારેક પોતાનું અસ્સલ નામ પણ યાદ ન આવતું.

“લે, એન્જોય.” એના હસતાં ચહેરાનું પ્રતિબિંબ દસની નોટ સ્વરુપે દેખાયુ.

સામેવાળાનો ભાવ જોઈ, છૂટ્ટા પૈસા લેવા ખિસ્સામાં જતો હાથ અટકી ગયો. ટ્રેન ચાલી ગઈ પણ ખિસ્સાને અને હૃદયને ભરતી ગઈ!

સવાર બદલાઈ પણ પાછી એ જ ટ્રેન અને એ જ માણસ. આજે બૂમ પડે એ પહેલાં જ એ બારી પાસે પહોંચી ગયો.

“આજે મારા તરફથી.” પાણીનું પાઉચ આપતાં ખુમારીથી બોલ્યો.

“શું નામ છે તારું?” ટ્રેન વધુ ઊભી રહી એટલે વાતનો દોર શરૂ થયો.

“દિપક.”

"તને ખબર છે પાણી પીવડાવવાથી પૂણ્ય મળે?”

“એ તો ખબર નથી સાહેબ. પણ પાણી વેચવાથી પૈસા મળે.”

"ભણે છે?”

“હા. પણ કોરોનામાં સ્કૂલો બંધ થઈ છે તો માની જગ્યાએ હું પાઉચ વેચવા આવુ છું.”

“પણ ઓનલાઈન તો સ્કૂલો ચાલુ થઈ ગઈ છે ને!”

“હા. પણ મારી મમ્મી પાસે એવો ફોન નથી જેનાથી હું ઓનલાઈન ભણી શકું.”

“કોણ-કોણ છે ઘરમાં?”

“હું ને મા. ને તમારા ઘરમાં?”

જે પ્રશ્નનો જવાબ આપવો નહોતો, એ ટ્રેન ચાલવાથી છૂટી ગયો એટલે હાશ થઈ.

ટ્રેન આવી પણ અઠવાડિયા સુધી એ હસતો ચહેરો દેખાયો નહીં. ખિસ્સામાં હિસાબના વધેલા આઠ રુપિયાનો ભાર લાગતો હતો. શું થયું હશે એવો વિચાર પણ આવતો હતો. દરેક ટ્રેનની બારી પર નજર પડતી ને પાછી ફરતી. ને અઠવાડિયા પછી અચાનક...

“એક પાઉચ આપને બેટા.” સાંભળ્યુ.

દિપક દોડતો બારી પાસે પહોંચ્યો. એની દોડમાં એની ચિંતા વર્તાતી હતી.

“કેમ અઠવાડિયું દેખાયા નહિ? બધું બરાબરને!”

“હા એક્દમ. લે.”

“હજી તમારા પૈસા જમા છે.”

“પૈસા નથી આપતો બેટા. આ લે, એન્જોય.”

નવું નક્કોર મોબાઈલનું ખોખું જોઈ દિપક આભો બની ગયો. બન્નેની આંખો મળી અને વખત પહેલા દિકરાને ગુમાવેલા બાપને દિકરો મળ્યો!

જવાહર બક્ષી

ગઝલ

ભીના સ્મરણનાં શુકન

ધાર્યા મુજબ સંબંધના સૂરજ ઊગ્યા નહીં
સ્વપ્નો હવે હું ભૂલી શકું નહિ તો ના નહીં

આખા દિવસની શુષ્ક ઉદાસી તૂટી નહીં
તારાં ભીના સ્મરણના શુકન પણ ફળ્યાં નહીં

નહિ તો જીવનમાં શું હતું નિષ્ક્રિયતા સિવાય
પણ બે ઘડી નિરાંતથી બેસી શક્યા નહીં

તસતસતા મૌનને મેં ગઝલમાં ભરી દીધું
ને એ કહે છે મને શબ્દો મળ્યા નહીં !

એને મળો ને જો કશું બોલી શકો 'ફના'
એના વિષે કશુંય કહી બેસતા નહીં.

કે. ડી. સેદાણી 'આકાશ'

અછાંદસ

બા ક્યાં?

રસોઈ માટે
બા, ફળિયામાં સગડી મૂકી
કોલસા ભાંગે,
તે કોલસા ભાંગવાનો
ઠક ઠક અવાજ છેક રસોડામાં સંભળાય!
પછી દેતવા માટે કોલસાના ટુકડાથી
સગડી ભરે.
સગડીની નીચે
છાણા ઉપર કેરોસીન નાખી,
દીવાસળીથી પ્રગટાવે.
પછી તો આખા
ફળિયામાં ધુમાડો ફેલાઈ જાય.
ધુમાડાથી આંખો બળે
અને આંખોમાં આંસુ આવી જાય.
હવે તો...
સગડી નથી,
કોલસા નથી,
કોલસા ભાંગવાનો ઠકઠક અવાજ નથી,
ધુમાડો નથી,
બા પણ નથી..!
ફક્ત હું જ છું.
ને છે પેલા આંસુ..

ચીંદરી - ભીંત ફાડીને ઉગેલા પીપળાની સાહસકથા

(ભાગ ૨)

બંસરી જોષી

સ્મશાનની પાછળના ભાગમાંથી કોઈનો કરૂણ વિલાપ સંભળાયો. “હે ઈશ્વર હવે બસ.. તારી પાસે બોલાવી લે..” ચીંદરી બાળકીને લઇ અવાજ તરફ ચાલી. એક ભિખારી જેવો માણસ જાણે અંતિમ શ્વાસ ગણતો હોય એમ નિ:સહાય અવસ્થામાં કણસી રહ્યો હતો. ચીંદરીએ ભિખારીના માથે હાથ મૂક્યો તો કરંટ લાગ્યો. ભિખારી બળબળતા તાવમાં તપતો હતો.

ચીંદરીએ પૂછ્યું, “શું થયું ભાઈ?”

ભિખારી બોલ્યો, “બસ હવે નથી જીવવું. મરી જવું છે.”

કેમ જાણે કઈ સ્ફુરણા થઇ ચીંદરીને, એણે ભિખારીને કહ્યું, “મરવું જ છે ને તો બે કોળિયા ખાઈને મર. એક લોટો પાણી પીને મર.” એમ કહી બચાવેલું ભોજન ભિખારીને ધરી દીધું. કેટલા દિવસના ભૂખ્યા ભિખારીના પેટમાં કોળ પડતા જીવ આવ્યો. ભિખારીએ ચીંદરીના માથા પર હાથ મૂક્યો ને એટલું જ બોલ્યો. “ધન્ય છે તારી માંહ્યલી જનેતાને.” અચાનક ચીંદરી ઝબકી. પોતાને સવાલ કરવા લાગી. “આ શું થયું? ચીંદરી તું તો મરવા જતી હતી ને? ને કોઈ તારા લીધે જીવી ગયું? હે ઈશ્વર આ ભિખારીને મોકલીને તું મને શું સંદેશ આપવા મથે છે? એ જ ને કે, ચીંદરી તારે મરવાનું નથી, તારે જીવવાનું છે ને જીવાડવાનાયે છે.” પાટા પર ચડવાનો વિચાર મેલ પડતો રેલ્વેસ્ટેશન ભણી ચાલી. ભજન ગાવા માંડી, કવિતાઓ આલાપવા લાગી. ફરી રોજના ટંકની વ્યવસ્થામાં જોતરાઈ ગઈ.

ક્યારેક ક્યારેક ચીંદરી વિના ટીકીટ બસમાં ચડી જતી ને ભીખ માંગતી. આજે કન્ડક્ટર અકળાયેલો હતો. ચીંદરીને વિના

ટીકીટ બેઠેલી જોઈ વધારે વરસ્યો. ચીંદરીય રકઝક કરવા લાગી. રકઝકથી ત્રાસેલી ચીંદરી રઘવાયી થઇ રહી હતી. અચાનક એની સીટની બારીએ એક માણસે ડોકું દીધું ને કીધું, "એ માઈ ચાય પીયેગી?" રક્ઝકમાં એ અવાજ ચીંદરીને રાહતવાળો લાગ્યો. એ અજાણ્યા ખેંચાણથી એ બસમાંથી બાળકીને લઇ ઉતરી ગઈ. જેવી એ ઉતરી ને થોડે દૂર ખસી ત્યાં બસ ના પાછલા ભાગમાં મોટો ધડાકો થયો. જે સીટ પર એ થોડી વાર પહેલા બેઠી હતી એનું નામોનિશાન ધુવાડો થઇ ગયું હતું. હક્કીબક્કી બનેલી ચીંદરી પાછળ વળીને જોવે ત્યાં પેલો ભિખારી અલોપ થઇ ગયેલો. સવાલોના ઝંઝાવાત ઉમટ્યા. "કોણ હતો આ ભિખારી કે જેણે મને દુર્ઘટનાનો ભોગ બનતા પહેલા બસમાંથી ઉતારી? મારી સાથે જ આ કેમ ઘટ્યું? હે ઈશ્વર...આ તું જ છે. અલગ અલગ સંકેતો દ્વારા આ તું છે જે મને જીવાડવા પ્રયાસ કરી રહ્યો છે? પણ મારા જેવી ચીંદરીને જીવાડવાનો તારો શો ઉદેશ્ય છે.....?"

એક કલ્પાંત કરતા અનાથ બાળકનો અવાજ એના કાનને ભેદી ગયો. ઝટ દોડીને ચીંદરીએ બાળકને હૈયા સરસો ચાંપી દીધો. "ના બેટા ના બેટા. ના રડ. હું છું ને? આજથી હું તારી આઈ, તારી મા.." શબ્દો આપમેળે છૂટા થયા. પોતાની બાળકીને પેલું બીજું બાળક લઇ ચીંદરી ચાલવા લાગી. હવે એક ને બદલે બેને લઈને એ ભીખ માંગવા નીકળી પડતી. આખા દિવસના ભેગા થયેલા સિક્કામાંથી એ ક્યારેક પૂરું ટંક ખાવા ના પામતી. ક્યારેક તો બેય બાળકોને દેવા પૂરતું પણ ભાગે ના આવતું. એક કોળિયો બાળકને ખવડાવે ને એક પોતાની બાળકીને. છેલ્લા કોળિયા પોતાની બાળકીને ખવડાવે. બાળક તાકીને માઈને જોયા કરે. એ નજર ચીંદરીને સોંસરવી ભેદી ગઈ. એને લાગ્યું આ હું પક્ષપાત કરી રહી છું. એક માઈ થઈને હું આમ કેમ કરી શકું? જ્યાં સુધી મારી બાળકી મારી સાથે રહેશે, મારું માતૃત્વ એના તરફ ઝૂકતું રહેશે ને જાણે અજાણ્યે એ અનાથને અન્યાય થઇ બેસશે. બીજો કોઈ વિચાર હાવી થાય એ પહેલા એ એક સજ્જન માતાપિતાને પોતાની બાળકી દત્તક દઈ દીધું અને પોતાનું જીવન એ અનાથ બાળક માટે ખર્ચી નાખવાનું મનોમન નક્કી કરી લીધું. માતૃત્વની પરાકાષ્ઠા પીડનારી હતી, પણ ધર્મસંગત પણ હતી. માતૃત્વને જ હવે પોતાનો ધર્મ બનાવી લીધો ચીંદરીએ. રોજ સ્ટેશન જાય ભીખ માંગે, ભજન ગાય. કોઈ અનાથ બાળક નજરે ચડે તો એને અપનાવી લે. હવે એને સ્ટેશનની પાછળ આવેલી આદિવાસીની વસ્તીમાં નાની

એવી ઝૂંપડી મળી ગઈ હતી. બાળકોને ત્યાં રાખતી, ખવડાવતી, નવડાવતી, સુવડાવતી.

પણ ચીંદરીને લાગ્યું આમ ક્યાં સુધી મને ભીખ મળશે? આ બાળકોએ મને પોતાની માઈ માની લીધી છે. અને એક માઈ તરીકે એ સૌને એક સ્વસ્થ જીવન અને શિક્ષણ મળે એ જવાબદારી મારી જ છે. એટલે એણે નાની મોટી સંસ્થાઓમાં પોતાના કાર્ય અને ઉદ્દેશ્યની વાત સમજાવાની શરૂઆત કરી. એ સમાજસેવી સંસ્થાઓ પાસે જતી અને કહેતી, "હું આ અનાથ બાળકોની માઈ બની છું તમેય એના સંબંધી બની જાઓ ને થોડી મદદ કરો ને..." મદદના હાથ ઉઠવા લાગ્યા. આખરે આ માઈના ઉદ્દાત માતૃત્વની સુંગધ હતી. ચીંદરી સ્વગત બોલી, "આજથી ચીંદરી મટી ગઈ. હવેથી હું માત્ર અનાથ બાળકોની સિંધુમાઈ." માઇના અથાગ પ્રયત્નોના ફળસ્વરૂપ અને અકલ્પનીય સમર્પિતતાના ફળસ્વરૂપ એક અનાથ આશ્રમની નીવ મુકાઈ. દ્વાર પર લખેલું હતું – "જેનું કોઈ નથી એની હું છું. હું માઈ. મારૂ નામ સિંધુમાઈ."

આ દ્રઢ નિર્ધાર સાથે સિંધુમાઈના ચાર આશ્રમ મહારાષ્ટ્રમાં સ્થાપિત છે. જેમાં બે આશ્રમ બાળકોના છે, એક આશ્રમ બાળકીઓનો અને એક આશ્રમ ગાયમાતાનો. જીવલેણ પરિસ્થિતિઓમાં રક્ષણકવચ બનેલી ગાયમાતાઓનું ઋણ આનાથી વધુ કઈ અદકેરી રીતે ઉતારી શકાય? હાલ સિંધુમાઈ સિંધુતાઈ બની ગયા છે. સિંધુતાઈ સિત્તેર વર્ષના થઇ ગયા છે. સિંધુતાઈના આશ્રમમાં ભણેલા બાળકો અને બાળકીઓ દાક્તર છે, એન્જીનીયર છે, નર્સ છે, શિક્ષક છે. ૧૫૦૦થી વધારે બાળકોને આશ્રમમાં આશ્રય અને ભણતર મળ્યા છે. ૩૬થી વધારે વહુઓ છે અને ૨૦૦થી વધારે જમાઈ છે. પોતાની બાળકી જેને એમણે એક સજ્જન માતાપિતાને સોંપી હતી. એનું ભણતર પૂરું કરાવી પરત બોલાવી. આજે એ બાળકી એમ.એસ.ડબલ્યુમાં માસ્ટર્સ કરી ચૂકી છે અને તાઇના એક આશ્રમનો કાર્યભાર એ ખુદ સંભાળે છે. પોતાના આશ્રમના એક આશ્રિત બાળકે તો આઈ પર પી.એચ.ડી કરવાનો નિર્ધાર કરેલો છે. ૭૫૦થી વધુ વાર સિંધુતાઈ ઉદ્દાત કાર્ય માટે પુરુસ્કૃત થઇ ચૂક્યા છે. ચીંદરી જેવી સમજીને જે માબાપે એને ઘરેથી કાઢી મૂકી હતી, એના સન્માનમાં એમને ઘણીવાર શોલ ઓઢાડવામાં આવે છે.

એકવાર સિંધુતાઈ સંસ્થાના કામ અર્થે પોતાના ગામ આવ્યા. જ્યાં એનો

ભેટો પોતાના પતિ હરી સાથે થયો. વર્ષો પછીયે બેય પળવારમાં એકબીજાને ઓળખી ગયા. હરી બે હાથ જોડી તાઈ આગળ ઉભો રહી ગયો અને બોલ્યો, “હવે તારો જ આશરો છે. છોકરા ને વહુ કોઈ સાંચવતું નથી. ધંધો નથી રોજગાર નથી. ખાવાના સાંસા છે.” કોઈ પણ પ્રકારના વિશુદ્ધ ભાવ વગર તાઈ બોલે બોલ્યા, “તારી પત્ની ચીંદરી તો ત્યારની મરી ગઈ, જ્યારની તે એને નિર્દોષ હોવા છતાં લાંછનભર્યા એ વેણ કહ્યા. હવે તો હું સૌની માઈ છું અને એ નાતે તને આ માઈના અનાથાશ્રમમાં જરૂર આશ્રય મળશે.” એમણે પોતાને નર્કાગારમાં હડસેલી દીધેલા પતિને પણ માઈરૂપે આશ્રય આપ્યો.

સિંધુતાઈ એટલે મહારાષ્ટ્રના એક નાના એવા ગામ વર્ધામાં જન્મેલી ચીંદરી. ચીંદરી નામે જે ભીંત તે રોજ ચડતી, એ આજ ભીંત ફાડીને ઉભા થયેલા પીપળા સમકક્ષ છે. ચીંદરી સ્ત્રીશક્તિના અદમ્ય સાહસની ગાથા છે, માતૃત્વની અસીમ કરુણાના સાહસની કથા છે, સામાન્ય વિકટોથી હારી બેસતા માનવને સાહસની પ્રેરણા બક્ષતી કથા છે. માતૃત્વના આ ઉત્તુંગ શિખરને શત શત નમન....

[સત્યચરિત્ર પર આધારિત]

તેજલ શાહ

ચકાચકીની આધુનિક બોધકથાને આપેલા પ્રતિસાદ બદલ આપ સૌનો આભાર. વ્હોટ્સએપ દ્વારા આવેલા મેસેજીસનો સાર આવો કંઈક હતો - સ્ત્રીવર્ગે કહ્યું, “સાવ સાચી વાત.” જયારે પુરુષવર્ગે કહ્યું, “અમને વિલન શું કામ બનાવો છો?” પુરુષ વર્ગને ખલનાયકમાં ખપાવી દેવાની તો વાત જ નથી. કારણ કે ચકો જ કામ વહેંચી લેવાની પહેલ કરે છે. ચકી માટે લાગણી હશે ત્યારે જ તો એણે એમ કહ્યું હશે! પણ પાછળથી એણે કરેલી કામની વહેંચણીનો ઉદ્દેશ્ય, એ પોતે જ ભૂલી જાય છે, એ સમસ્યા છે. આ પહેલા પણ આપણે ગિરીશ ગણાત્રાની વાર્તા 'તુલસી ક્યારો'માં જોયું હતું કે પતિના સાથ અને પ્રોત્સાહનને કારણે ઓછું ભણેલી પત્ની, પદ્મશ્રીનો ખિતાબ પણ હાંસલ કરી શકે છે.

વાત હવે નવી વાર્તાની. ‘ઉઝરડો’ શીર્ષક હેઠળ બે વાર્તાકારોએ વાર્તા લખી છે. એક, શ્રી કિરીટ દૂધાતના વાર્તા સંગ્રહ 'આમ થાકી જવું'માં છે. 'આમ થાકી જવું’ને

ઉઝરડો

ગુજરાતી સાહિત્યનો પ્રતિષ્ઠિત 'ધૂમકેતુ' એવોર્ડ મળેલો છે. બીજી વાર્તા ગુણવંતરાય ભટ્ટના વાર્તાસંગ્રહ 'લપસતી સડકો'માંથી છે.

'લપસતી સડકો'ની વાર્તા 'ઉઝરડો'નું મુખ્ય પાત્ર કુસુમબહેન છે. દિવાળીની પૂર્વ-તૈયારીરૂપે સાફ સફાઈ ચાલી રહી છે. પુત્રી આરતી અને પુત્ર નિહાર મદદ કરાવતાં, થોડી ધીંગામસ્તી અને એકબીજાની ઠઠ્ઠા મશ્કરીએ ચઢ્યાં છે. ઘરમાં વ્યાપેલા ઉત્સાહની વચ્ચે પણ કુસુમ બહેનનું મન ભરાઈ આવે છે. આજથી બરાબર પાંચ વર્ષ પૂર્વેની આસો વદ આઠમે ઘટેલી ઘટના જેવી જ ગમગીની એમના ચહેરા પર છે.

ગજાનનભાઈ શાંત સ્વભાવના સાલસ વ્યક્તિ. બેન્કમાં સાદી નોકરી. ખર્ચેલાં ભાડાં કરતાં હપ્તા લેખે લાગે એમ વિચારી

કુસુમબેન બંગલો બાંધવા ઉતાવળા થાય છે. ગજાનનભાઈ થોડી ધરપત રાખવાનું કહે છે. કુસુમબહેન તો નાનામાં નાની વસ્તુની ખરીદીમાં બંગલાની સજાવટ કેન્દ્રમાં રાખે. એમનું મન બંગલો બાંધવામાં વ્યસ્ત રહેતું અને ગજાનનભાઈનું ઓફિસમાં.પણ બધા દહાડા ક્યાં એક સરખા જાય છે. એક દિવસ ઓફિસથી પરત આવેલા ગજાનનભાઈએ અણધારી વિદાય લીધી, કાયમી વિદાય, બંગલાના સપના સાથે.

કુસુમબેનને બેન્કની નોકરી મળે એમ હતી. એમણે અસ્વીકારી. છોકરાં રઝળી પડે તો! માત્ર વ્યાજની ટૂંકી આવકથી બંને બાળકોને ઠેકાણે પાડ્યાં. હવે આપણે જોવું રહ્યું કે એમનો દીકરો એનું સપનું પૂરું કરશે? બંગલાના બગીચામાં ખુરશીમાં બેસી એક સાંજ માણવાની એમની ઈચ્છા ફળીભૂત થશે?

હમ્મ... કુસુમબેનને છાના રાખીને જોઈએ તો ખરા લેખક કિરીટ દૂધાતની વાર્તા શું કહેવા માંગે છે. વાર્તાનાયક ડેપ્યુટી કલેક્ટર છે. રાજવિઠ્ઠલગઢની ખારાપાટ થયેલી જમીન એમના જિલ્લાનો છેલ્લો તાલુકો. એક આશ્રમે પહોંચ્યા બાદ એ નોંધે છે કે આશ્રમ તો સરકારી ખરાબા પર ઊભો છે. દંડ વસૂલ કરી આ દબાણ નિયમત કરી દેવાશે એમ ધારી અંદર પ્રવેશે છે, ત્યાં મળે છે પ્રણવાનંદ બાપુ.

સામાન્ય રીતે એ વિસ્તારમાં ન ઊગી શકતા વૃક્ષો બાપુએ જાત મહેનત અને જતનથી આશ્રમમાં ઉછેર્યાં છે. આ વાતચીત પૂરી એ પહેલાં જ ગામના લોકો આવીને બાપુને દંડવત કરે છે. બાપુએ મનકા કોળીની બાઈને કોઈ મૂળિયું આપી પ્રસૂતિ વખતે કમોત મરતા બચાવી લીધી હતી. બાકી મનકો પોતે જાણતો હતો કે આવી વેરાન જગ્યામાં મા-દીકરો બેઉને એ ગુમાવી દેત!

બાપુએ અઘેડીના મૂળિયાનો(એક ઔષધિ) પ્રયોગ કરેલો એ ફરતું ફરતું વાર્તાનાયકના હાથમાં આવ્યું. નાયક એના અસરથી વાકેફ છે. બાપુ હસીને કહે છે, “જ્યાં દવાખાનું ના હોય ત્યાં આવી રીતે જ કામ ચલાવી સેવા કરવી પડે. આ નિરક્ષર લોકોને એના ગુણ એવી રીતે સમજાવવા? તમે બને તો અહીં એક દવાખાનું બનાવી આપો. વાર્તાનાયક ‘અસંભવ’ - એમ કહીને ચાલ્યા જાય છે. કારણ કે એ જેમ ઔષધ પારખે છે એમ સરકારી આંટીઘૂંટીથી પણ પરિચિત છે.

વાર્તાનાયક અને એમનો મિત્ર તરંગ વર્ષો પહેલાં ‘રૅશનાલીસ્ટ કલબ’ ચલાવતા. એ તો વળી હાથચાલાકીના ખેલ પણ શીખેલો જેથી ચમત્કારના નામે લોકોને છેતરતા સાધુઓને ખુલ્લા પડી શકાય.

તરંગ એકવાર વાર્તાનાયકની મુલાકાતે આવે છે અને આવા કોઈક સાધુને મળવાની ઈચ્છા બતાવે છે. નાયકને પ્રાણવાનંદબાપુ યાદ આવે છે જોકે એ તરંગને કહે છે કે, "એ એવા નથી લાગતા."

તરંગ માનતો નથી અને બાપુની ઊલટતપાસ લે છે. બાપુ કહે છે, "હું ચમત્કાર કરતો જ નથી. આ તો ઔષધ અને મારા રામજીનો પ્રતાપ છે." છતાં તરંગ આવેશમાં આવી બાપુ પાસે મરેલી ચકલીને જીવતી કરી આપવાની વાત કરે છે. એટલું જ નહિ માફીનામું સહી કરી આપવાની વાત કરે છે. લોકો ભેગા થાય છે, એમનો આક્રોશ કાબૂ બહાર થાય છે અને અંતે વાર્તાનાયક અને તરંગે જીવ બચાવી નીકળી જવું પડે છે.

વાર્તાનાયક પાંચ-છ મહિના પછી પાછા ફરે છે. ડ્રાઈવર 'ભાગવું પડેલું' - એ યાદ કરાવે છે છતાં માફી માંગવાની ઈચ્છાથી નાયક આશ્રમની મુલાકાતે જાય છે. પહોંચ્યા પછી પહેલાં જેવો ત્યાં કોઈ સંચાર નથી, સત્કાર નથી. બસ ખાલી સૂનકાર છે! નથી ફાલેલાં વૃક્ષો, નથી ભક્તો અને બાપુ?!

એક ઉઝરડો કો'કના સંસાર પર પડયો અને બીજો સેવા અને શ્રધ્ધા પર. બંનેનો ચચરાટ અસહ્ય છે. રૂઝાશે કે નહીં? એનો જવાબ તો લેખક જ આપી શકે અને તમે એક જ શીર્ષક હેઠળ લખાયેલી આ વાર્તાઓ વાંચીને મેળવીને જ રહેજો.

આપના અભિપ્રાયની રાહ રહેશે.

રાજુલ ભાનુશાલી

તમને મળ્યાનું યાદ

જ્યારે રાજા બનીને આંસુઓ ઘોડે સવાર થયા ત્યારે..

રાજા બનીને આંસુઓ ઘોડે સવાર થાય,

પણ સૌને એવું લાગે કે પાણીની ધાર થાય.

આંસુને નબળાઈ સાથે જોડીને આપણે કેટલું નુકસાન કર્યું છે એ કદી વિચાર્યું છે?

રડવું એટલે એક પ્રકારે વ્યક્ત થવું. આંસુ લાગણીના ઊભરાને શેર કરવાનું એક ઉત્કૃષ્ટ સાધન છે. સંવાદ સાધવાનો ઉત્તમ માર્ગ છે. પીડાને વહાવી દેવાની સુચારુ વ્યવસ્થા છે. તાણ અસહ્ય બની જાય કે દુ:ખ જીરવવું અશક્ય થઈ પડે ત્યારે આંખો ચોધાર વરસી પડે છે. ગુસ્સાનો અતિરેક થાય ને આંખોમાંથી પાણી વહી નીકળે એ પણ સાવ સહજ બાબત છે. ક્યારેક મન ઘેરી ઉદાસીથી ભરાઈ જાય, એ ઉદાસીનું ન કોઈ કારણ જડે કે ન એનો કોઈ અંત દેખાય ત્યારે અસહાય મન રુદનને શરણે જાય એવું પણ બને. આ તમામ ક્ષણો નબળાઈની નથી હોતી. ઇમોશનની હોય છે. એવી જ રીતે અણધારી ખુશી મળી જાય એ વખતે, ભારોભાર સુખ અને રાજીપા વખતે, અકલ્પ્ય વિસ્મય કે પછી આશ્ચર્યની અનુભૂતિ વખતે પણ આંખોમાંથી

રાજા બનીને આંસુઓ ઘોડે સવાર થાય,

પણ સૌને એવું લાગે કે પાણીની ધાર થાય.

એ વિશ્વસુંદરી છે મને તોય ના ગમી,

ઓ ભાઈ! આ છે પ્રેમ, એ થોડો ધરાર થાય.

કિસ્મતમાં ધનનો યોગ છે એ જાણી જાય છે,

ખર્ચો તરત ઉભો રહે જ્યારે પગાર થાય.

નિષ્ફળ ગયેલ રાતની સાક્ષી પુરાવે ચાંદ,

એના પછી સફળતા ભરેલી સવાર થાય.

નવને બનાવી શૂન્ય તું આગળ ઉભો રહે,

નવસો નવાણું આંકડો ત્યારે હજાર થાય.

~ મિત્ર રાઠોડ

*****

હર્ષાશ્રુ દડી પડે છે. અરે ઇવન ધ્રુજારી વ્યાપી જાય એવા ડરના અનુભવ વખતે પણ રડી પડાતું હોય છે. આ પણ સાક્ષાત ઇમોશન જ છે. આ ઇમોશન એટલે જ જીવન. એ માણસના મન પર પડેલું આવરણ છે અને જે આ આવરણ ઊકેલવાનું શીખી જાય છે એ જીવતાં પણ શીખી જાય છે.

કવિએ એ માટે ખૂબ જ સરસ કલ્પના કરી છે, 'રાજા બનીને આંસુઓ ઘોડે સવાર થાય.' રડવાથી પ્રશ્નો હલ થતા નથી પણ મનનો ભાર ચોક્કસપણે હળવો થાય છે. ઊભરો વહી જતાં ખાલી પડેલી જગ્યામાં પોઝીટીવિટીનો સંચાર થાય છે અને તે પછી મન વધુ સ્વસ્થતાપૂર્વક કામ કરવા લાગે છે એ તો નક્કી વાત છે. જ્યારે તારાઓથી ખીચોખીચ ભરેલું આકાશ તમારી સામે હોય ત્યારે એના વિશે વધુ વિચાર કર્યા વગર માત્ર એને મનભરીને માણી લેવું. બસ...

એ વિશ્વસુંદરી છે મને તોય ના ગમી,

ઓ ભાઈ! આ છે પ્રેમ, એ થોડો ધરાર થાય.

ગઈકાલે કોઈ સાથે વાત કરતાકરતા તું યાદ આવી ગઈ. કૉલેજમાં જ્યારે આપણે કલાકો સુધી વાતો કરતાં ત્યારે તું ઘણીવાર આમ જ હસતી, ઉષ્માથી ભરેલું! જ્યારેજ્યારે તારા વિશે વિચારું ત્યારે હૃદય ઉષ્માથી ભરાઈ જાય છે. ત્યારે પછી બીજું કશું જ હોતું નથી. ન સુખ, ન દુઃખ, ન દુનિયાદારી, ન અધૂરા સપનાં, ન છૂટી ગયેલો સમય.. કશું જ નહીં. મેં મને સમજાવી દીધો છે. હવે હું તને થોડોક ઓછો પ્રેમ કરું છું. મને તારો સમય નથી જોઈતો. તારો અવાજ સંભળવાનો પણ મોહ નથી રહ્યો. હું હવે તારા એકાદ વૉટ્સઅપની પણ રાહ નથી જોતો. હથેળી પર અત્તર લગાવ્યા પછી થોડાક સમય બાદ એની સુગંધ ઉડી જતી હોય છે. પરંતુ હથેળી સુગંધ ઉડી ગયા બાદ પણ કલાકો સુધી મઘમઘતી રહે છે. હજુ તું મારામાં થોડીક બચી છે, મઘમઘી રહી છે. તારી જગ્યા કોઈ લઈ શકે એમ નથી! આ પ્રેમ છે. એ ધરાર થતો પણ નથી અને પછી છૂટતો નથી.

કિસ્મતમાં ધનનો યોગ છે એ જાણી જાય છે,

ખર્યો તરત ઉભો રહે જ્યારે પગાર થાય.

ભલે લોકો કહે કે પૈસો તો હાથનો મેલ છે પણ સત્ય એ છે કે પૈસા વગર પાંદડું પણ હલતું નથી. સવારના તમે જાગો છો ત્યારથી

માત્ર સમય નથી વાપરતા પૈસા પણ વાપરો છો. કશું જ મફત મળતું નથી. પૈસો છઠ્ઠી ઇંદ્રિય જેવો છે જેના વિના બાકીની પાંચે ઇંદ્રિય અતૃપ્ત જ રહે છે! નોકરિયાત માણસના ઘરમાં પગાર આવે એ પહેલાંથી જ જરુરિયાતની વસ્તુઓનું લિસ્ટ તૈયાર થઈ જતું હોય છે. ક્યારેક અણધાર્યા ખર્ચા આખા મહિનાના બજેટને બગાડી નાખતા હોય છે. પગાર આવે એના પાંચદસ દિવસો પછી તરત આવતા પગારની રાહ જોવાનું ચાલુ થઈ જતું હોય છે. કવિએ આ શેરના માધ્યમથી નોકરિયાતોની વ્યથા સરસ રીતે ઉજાગર કરી છે.

નિષ્ફળ ગયેલ રાતની સાક્ષી પુરાવે ચાંદ,

એના પછી સફળતા ભરેલી સવાર થાય.

જીવનમાંથી પડકાર ચાલ્યો જાય તો ઝઝૂમવાની શક્તિ ક્ષીણ થઈ જાય. પ્રારબ્ધ અને અને પુરુષાર્થની જુગલબંધી કાયમ રંગ લાવતી હોય છે. સવાર પછી રાત આવવાની જ છે અને રાત પછી પાછી નવી સવાર ઉગવાની જ છે એ સનાતન સત્ય છે. આ સત્ય તમારી આસપાસ પ્રગટતું રહે છે. જરૂરત છે માત્ર એને જોવા અને સમજવાની. ચંદ્ર રાતની સાક્ષી પૂરાવે છે, પરંતુ સવાર થાય ત્યારે રાત સાથે એને પણ પ્રસ્થાન કરવું પડતું હોય છે. ઘોર અંધારી રાત વીતે એની ધીરજપૂર્વક જોવી પણ એક પડકાર છે. સફળતા ભરેલી સવાર જોવી હોય તો એ રાત સામે ઝઝૂમવું પડે. ધીરજ રાખવી પડે.

નવને બનાવી શૂન્ય તું આગળ ઉભો રહે,

નવસો નવાણું આંકડો ત્યારે હજાર થાય.

કશુંક પામવા માટે ક્યારેક જે હોય એ પણ દાવ પર લગાવવું પડતું હોય છે. જીવનની ગાડી એક નિશ્ચિત માર્ગે અને નિશ્ચિત ગતિએ ચાલ્યા કરે તો પછી પ્રવાસમાં ડગલે ને પગલે અચરજની ચકલી નહીં દેખાય. ઉડ્ડયન કદી પાટેપાટે નથી થતું. આ અચરજની ચકલીને ભેટવું હોય તો સતત માર્ગ બદલવા પડે, તેજ ગતિ પકડવી પડે. કવિ કહે છે કે નવસો નવાણુંને હજારને

પાર મોકલવા હોય તો એ ત્રણ નવડાને શૂન્ય બનાવીને એની આગળ ઊભા રહેવાનું હોય. ઉપર કહ્યું એમ જીવનમાં પડકાર ન હોય તો ઝઝૂમવાની શક્તિ ક્ષીણ થઈ જાય. હજારનો આંકડો પામવો હોય તો નવસો નવાણુંને દાવ પર લગાવવા પડે.

મૂળે મુંબઈના પણ છેલ્લા અઢાર વર્ષથી સુરત સ્થાયી થઈ ગયેલા કવિ શ્રી રાકેશ અવસરભાઈ રાઠોડે ૨૦૧૬માં કવિતા લેખનની શરૂઆત કરી હતી. 'મિત્ર' એમનું ઉપનામ છે. ૨૦૧૯માં તેઓ 'નિશાંતર' નામે ગઝલસંગ્રહ આપી ચૂક્યા છે.

આમ તો અષાઢી વરસાદનો સ્વભાવ આક્રમક હોય છે. એ નમ્રતા ધારણ કરીને વરસે એવું ભાગ્યે જ બનતું હોય. પરંતુ એવું બને તોય એ વરસાદમાં એના મૂળ સ્વભાવની આક્રમકતા તો હોવાની જ. આ ગઝલ એવી જ છે. અષાઢમાં વરસતાં નમ્ર વરસાદ જેવી.

કવિની કલમે આગળ પણ ઉત્તમ કવિતા અવતરતી રહે એવી શુભકામના.

ડૉ. કાર્તિક શાહ

આપણું રાજચિહ્ન કયું? અશોકસ્તંભ કે અશોકચક્ર?

૧૫મી ઓગષ્ટ એટલે આપણો સ્વતંત્રતા દિવસ અને આ દિવસે ખાસ આપણે ધ્વજવંદન કરીશું! આપણા રાષ્ટ્રધ્વજના દર્શન કરતા સમયે જે ખાસ નોંધ લેવા જેવી બાબત છે એ એમાં વચ્ચે રહેલા અશોકચક્ર તરીકે ઓળખાતું ચક્ર એટલેકે આપણું રાજચિહ્ન. આપણું રાજચિહ્ન કયું? આ પ્રશ્નનો સીધો અને સરળ એક જ જવાબ હોઈ શકે; અશોકસ્તંભ અથવા તો અશોકચક્ર. જે ઉપરનાં ચિત્રમાં છે, પણ શું એ જ સત્ય હકીકત છે? જો હું એમ કહું કે, 'ના આ બંને જવાબો ખોટાં. એટલે કે, ભારતનું રાજચિહ્ન કંઈક અલગ જ છે.' તો? ચાલો, આજે થોડી રોચક વાતો એના વિષે કરીએ અને જાણીએ કે હકીકત શું છે.

પ્રસ્તુત ચક્ર મૂળ સમ્રાટ અશોકના સારનાથના સિંહ-શીર્ષકવાળા સ્તંભનું છે. વારાણસી નજીક આવેલ સારનાથ બૌદ્ધ-જૈનોનું તીર્થ મનાય છે. ભગવાન બુદ્ધે સૌ પ્રથમ અહીં ધર્મચક્રપ્રવર્તન અર્થાત ધર્મોપદેશ આપેલ. જૈનોનાં ૧૧માં તીર્થંકર શ્રેયાન્સનાથનું અહીં નિર્વાણ થયું હતું. ભગવાન બુદ્ધે અહીં પોતાના પ્રથમ ધર્મોપદેશમાં 'ચાર આર્ય-સત્ય' સમજાવ્યા હતાં. મૌર્ય સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મનાં પ્રચાર-પ્રસાર અર્થે જે પ્રવૃત્તિઓ કરેલી તેમાં તેના સ્તંભનિર્માણનો પણ સમાવેશ થાય છે. ચીની પ્રવાસી ફાહ્યાને અશોકનાં ૬ સ્તંભો જોયાનું નોંધ્યું છે. પરંતુ સમ્રાટ હર્ષવર્ધનના સમય દરમ્યાન ભારત આવેલ ચીની પ્રવાસી હ્યુ એન સંગે ૧૫ સ્તંભોનો ઉલ્લેખ કર્યો છે! આમાનો એક એ સારનાથનો સ્તંભ. તેનાં વર્ણન મુજબ ૭૦ ફૂટ ઊંચો આ સ્તંભ વિશેષ રૂપે લિસ્સો હતો એટલે કે પોલિશ્ડ હતો. તેમાંથી નિરંતર તેજ વહ્યા કરતું હતું. અર્થાત તેની લીસી

ચળકતી સપાટી પરથી સૂર્યપ્રકાશ પરાવર્તિત થઈ સ્તંભ ઝળહળતો રહેતો. લોકોને એમાં વિશેષ પ્રકારની આકૃતિઓ પણ દ્રષ્ટિગોચર થતી. એટલું જ નહીં, આનાથી શુભ-અશુભ અસરો પણ જાણી શકાતી.

સારનાથ સ્તંભ અશોક સ્તંભોમાં સર્વશ્રેષ્ઠ છે. આનો સમગ્ર ભાગ (યષ્ટિ, પ્રતીક પદ્મ, વર્તુળાકાર ચરણચોકી, સિંહ-પ્રતિમાઓ અને ધર્મચક્ર) 'શિલાથબ(પાષાણ-સ્તંભ)'નું ઉત્તમ ઉદાહરણ છે. પ્રસ્તુત સ્તંભની ચોકી અને શીર્ષભાગ અત્યંત કલાત્મક અને ભાવપૂર્ણ છે! કોઈ સમયે ૫૦ ફૂટ જેટલી તેની ઊંચાઈ રહી હશે, પરંતુ કોઈ પ્રાકૃતિક દુર્ઘટનામાં તે તૂટી જતાં તેનો શીર્ષભાગ નીચે પડી ગયેલ છે. સદ્ભાગ્યે એ સલામત અને સુરક્ષિત છે અને સચવાયેલો પણ છે. સ્તંભના ઉપરનાં ભાગની ચોકી ગોળાકાર છે.

પ્રસિદ્ધ કલાવિદ વાસુદેવશરણ અગ્રવાલના મતાનુસાર તેની કલ્પના દિગમંડલ કે ચક્રજાળ સ્વરૂપે કરાઈ છે. આ ચોકી ઉપર ચાર પશુ - વૃષભ, ગજ, અશ્વ, અને સિંહ તેમ જ ચાર નાના ચક્ર અંકિત છે. આ ચોકીની ઉપર સ્તંભનો શીર્ષભાગ હતો, જેમાં ચાર વિપરીત દિશામાં મોં રાખીને પરસ્પર પીઠ અડાડીને બેઠેલા ચાર સિંહો છે. ડૉ. અગ્રવાલના મતાનુસાર ચાર સિંહોની આ પરિકલ્પના ચક્રવર્તી સમ્રાટ અશોકનાં શક્તિ-સામર્થ્યની સૂચક છે. સિંહ-શીર્ષકની ઉપર અર્થાત સિંહોના મસ્તક પર એક મહાધર્મચક્ર સ્થાપિત હતું. જેમાં ૩૨ આરા હતાં, પરંતુ અત્યારે તેના માત્ર ૬ ટુકડાઓ ઉપલબ્ધ છે, જેના પર અશોકકાલીન કલાકૃતિઓની ચમક સ્પષ્ટતયા વર્તાય છે. અહીં સિંહશીર્ષક પર ધર્મચક્ર બતાવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ સંભવતઃ મહાત્મા બુદ્ધ દ્વારા સારનાથમાં ધર્મચક્રપ્રવર્તન કર્યાનો રહેલો છે!

ડૉ.અગ્રવાલના મતાનુસાર સારનાથ સ્તંભનું સૌથી ઉપરનું ધર્મચક્ર તેના ધાર્મિક વિશ્વાસનું પરિચાયક છે. તો ચાર સિંહો તેની અજેય દુર્ધર્ષ શક્તિનું પ્રતીક અને વચ્ચેના ચાર પશુઓ, ચક્ર વિવિધ સમાજ અને તેમાં રહેલી એકતાના દ્યોતક છે. સિંહોની આકૃતિઓ ભવ્ય, દર્શનીય અને ગૌરવપૂર્ણ છે. એમાં કલ્પના, યથાર્થતા અને સૌંદર્યનું અદભુત સમિશ્રણ છે. તેનું પ્રત્યેક અંગ અજીવ અને કલાત્મક છે. સિંહોની આ પ્રતિમાઓ વનરાજના રાજવી ગૌરવને તો પ્રકટ કરે જ છે, પરંતુ દર્શકોને તેના સ્વભાવની હિંસકતા યાદ અપાવતી નથી એ તેની વિશેષતા છે. આ સિંહ પ્રતિમાઓ અશોકનાં વ્યક્તિત્વનું મૂર્તિમંત અંકન મનાય છે.

જ્હોન માર્શલ નોંધે છે કે શૈલી અને શિલ્પ બંને દ્રષ્ટિએ ભારતની કોઈ કૃતિ એના સમાન નથી!! ઘણું કરીને તેને પ્રાચીન વિશ્વની સર્વોત્તમ પશુપ્રતિમા માની શકાય!

હવે, પ્રારંભમાં જે સવાલ નોંધ્યો અને એ મુજબ ભારતનું રાજચિહ્ન 'અશોકચક્ર' નામથી ઓળખાય છે, પરંતુ ખરેખર એવું નથી! હકીકતમાં સારનાથમાંથી પ્રાપ્ત અશોકનાં ઉપરોકત સિંહસ્તંભ પરથી તે લેવામાં આવેલું હોઈ 'અશોકચક્ર'ના ભળતાં નામથી ઓળખાય છે, પણ વસ્તુતઃ ખરેખર તે ચક્ર અશોકનું નહીં પણ ભગવાન બુદ્ધનું છે. એનું સાચું નામ 'ધર્મચક્ર(ધમ્મચક્ક)' છે અને ભગવાન બુદ્ધે સારનાથમાં મૃગવનમાં જે પહેલું પ્રવચન કર્યું તેમાં એમણે જ સ્વમુખે 'ધર્મચક્ર પ્રવર્તન'નો બોધકારી એ શબ્દ પ્રથમ વાર વાપરેલો. ધર્મચક્રપ્રવર્તનનો બોધનો એ અર્થ હતો કે દેશમાં તલવાર શક્તિનું રાજ નહીં પણ ધર્મનું એટલે કે સત્ય અને કલ્યાણનું રાજ્ય સ્થાપવું. અશોકે પછી એ 'ધર્મચક્ર' શબ્દને ભગવાન બુદ્ધના સમગ્ર ઉપદેશના સારરૂપ પ્રતીક તરીકે અપનાવ્યો અને તેની આકૃતિ પોતે રચેલા તમામ સ્મારકોની ટોચ પર મુકાવી. તદાનુસાર સારનાથના સ્તંભમાં પણ ધર્મચક્ર હતું.

પણ આપણી આજની રાજમુદ્રામાં કે રાજચિહ્નમાં જે છે તે તેનું સંપૂર્ણ અને સાચું રૂપ નથી. સારનાથના સ્તંભના મૂળ સ્વરૂપમાં તો સ્તંભના મથાળે ટોચ ઉપર પરસ્પર પીઠ અડાડીને ઉભેલા ચાર સિંહોની વચ્ચે એક મોટું ચક્ર મૂકેલું હતું અને તે જ મુખ્ય 'ધર્મચક્ર' હતું. હજુ આજે પણ એ ચાર સિંહોના મસ્તકોની વચ્ચેના ભાગમાં એ ચક્રને ધરી રાખતો દંડ બેસાડવા માટેનું આઠ ઇંચના વ્યાસનું એક મોટું છિદ્ર મોજુદ છે! ચાર સિંહો ધારણ કરી રાખેલું એ મૂળ ધર્મચક્ર કાળબળે ત્યાંથી તૂટી પડ્યું એના ટુકડા સારનાથના મ્યુઝિયમમાં સંગ્રહિત છે તે પરથી તે કેટલું વિશાળ હશે તેનો ખ્યાલ આવી શકે છે.

ભારત સરકારે સ્વીકારેલી રાજમુદ્રામાં આકૃતિમાં એ ધર્મચક્ર અગ્રસ્થાને નથી, બલ્કે ગૌણ અને ઉતરતા સુશોભનના સ્થાને છે. ચાર સિંહોની બેઠકના ફલક પર ચોમેર કંદોરારૂપે હાથી, વૃષભ, અશ્વ અને સિંહ એમ ચાર પશુઓની વચ્ચે એ ચક્રની ચાર આકૃતિઓ સુશોભન રૂપે આવે છે, જ્યાં એ ચક્ર કરતાં તો પ્રાણીઓની આકૃતિ મોટી છે. આમ આપણી રાજમુદ્રામાં કે રાજચિહ્નમાં ધર્મચક્ર એ તેના મૂળ અને મહત્વના સ્વરૂપમાં આજે નથી. એ હશે ત્યારે કેવું હશે તે અહીં આપેલ ચિત્રમાં જોઈ શકાય છે.

બીજી એક હકીકત નોંધનીય છે કે અશોકસ્તંભના શિખર પર સિંહ વડે ધારણ કરાયેલા મુખ્ય ધર્મચક્રને ૩૨ આરા હતાં, જેની પ્રતીતિ સારનાથના મ્યુઝિયમમાં તેનાં સંગ્રહિત ભગ્નાવશેષો પરથી એકદમ સ્પષ્ટ છે. જ્યારે ભારત સરકારે અપનાવેલા રાજમુદ્રામાં ૨૪ આરા છે! (જે આપણાં રાષ્ટ્રધ્વજમાં પણ ઉતારાયેલા છે!)

મૂળ ધર્મચક્રના ૩૨ આરા તે બૌદ્ધ ધર્મનાં ગ્રંથોમાં વર્ણવાયેલા મહાપુરુષના ૩૨ લક્ષણોના સૂચક છે! સ્વયંમ બુદ્ધ બત્રીસલક્ષણા અતિપુરુષ હતાં. આ ૩૨ લક્ષણો બૌદ્ધ ધર્મના દિગ્ઘનિકાય અને વિશુદ્ધિમગ ગ્રંથોમાં વર્ણવેલ છે. તો ભારતની રાજમુદ્રામાં અંકિત ૨૪ આરા સમયચક્રના ૨૪ કલાકના પ્રતીક હોવાનું મનાય છે.

પ્રસિદ્ધ ઇતિહાસવિદ ડૉ. રાધાકુમુદ મુખરજીએ સૂચવ્યું હતું કે અશોકે પ્રવર્તાવેલ ભગવાન બુદ્ધના ધર્મચક્રના મૂળ આદર્શને વફાદાર રહેવા માટે આપણે આપણી રાજમુદ્રામાં ફેરફાર કરીને ધર્મચક્રને તેના મૂળ તથા મહત્વના સ્વરૂપમાં અને સ્થાનમાં એટલેકે, સિંહોના ખભા પર સ્થાપવું જોઈએ!

આધાર-સંદર્ભો:

૧. શ્રી રામ ગોયલ, નંદ મૌર્ય સામ્રાજ્ય ઇતિહાસ, ૧૯૯૨

૨.સં. શિવકુમાર ગુપ્ત, પ્રાચીન ભારત ઇતિહાસ, ૧૯૯૯

૩. ઉદય નારાયણ રાય, ભારતીય કલા, ઇલાહાબાદ, ૨૦૦૬

૪. કુમાર, સળંગ અંક ૩૯૨, ઓગસ્ટ, ૧૯૫૬

૫. ડો. વાસુદેવશરણ અગ્રવાલ, ભારતીય કલા, બીજી એડિશન, ૧૯૭૭

૬. ઇતિહાસ અને પૌરાણિક સત્યો (એ ગપગોળા નથી), હસમુખ વ્યાસ, પહેલી આવૃત્તિ, ૨૦૧૪

૬. વેબસંશોધન

લઘુ-નવલ

અર્ચિતા દીપક પંડ્યા

તડકા ભીનાં મૃગજળ

લઘુ-નવલ નો પરિચય

'કુટુંબ કે કારકિર્દી?' એવો પ્રશ્ન તો સાંપ્રત સન્નારીઓને મૂંઝવે છે. આપણા વચ્ચે જ ક્યાંક જીવતી, શ્વાસ લેતી, દોડતી, હાંફતી, ક્યાંક અટકી જતી અને છતાં પણ પોતાના સ્વપ્નો સાકાર કરવા સતત આગળ વધતી રહેતી એક યુવતી 'મૃગા'ની સંઘર્ષગાથા એટલે 'તડકા ભીનાં મૃગજળ'.

પ્રકરણ-૧: ગ્રહણ એક પૂનમનું

ગાઢી થતી રાતે, ચંદ્રની ચાંદનીએ દરિયામાં ઉતરાણ કર્યું હશે, ત્યારે ગોવાની ખુશનુમા હવાનો કશ શ્વાસમાં ભરી લેવા કેટલાંક હૈયાં કુદરત માણવાના મોહ સાથે 'ગોવા ઈન્ટરનેશનલ એરપોર્ટ' પર ઉતરી રહ્યાં હતાં. ગોવા આવવું એટલે દરિયાનો તોફાની તરવરાટ માણી જિંદગીનાં એકધારાપણાંનો છેદ ઊડાડી દેવો. અહીં બે મિત્ર-યાત્રીઓ એમનાં સપનાં સાકાર કરવા આવી પહોંચ્યા હતાં. આ સોહામણા યાત્રીઓમાં એક હતો યુવાન, અનિક બંદોપાધ્યાય. ઊંચો, ગોરો અને વાંકડિયા

લાંબા વાળવાળો. એનું મોં માસ્કમાં ઢંકાયેલું હતું અને એની ઊંડી આંખોમાં વ્યક્તિત્વનું તેજ હતું. એની સાથે હતી સપ્રમાણ શરીરવાળી, પાતળી પણ કસાયેલી, ઊંચી, ચમકીલી ગુલાબી ત્વચાવાળી એક ઘઉંવર્ણી યુવતી, મૉડેલ મૃગા નાયક. જેનાં ભરપૂર જથ્થાવાળા, ગૂંથ્યા વિનાના કાળાં લીસાં વાળ કમર પર લહેરાતા હતા, સરકતી રેશમદોરીમાં ગાંઠ આવે ને એ અટકી પડે એમ, બધાની નજર એના સૌંદર્યમાં અટકી જતી હતી! માસ્ક પાછળ પણ ચહેરો એની મોટી આંખોને લીધે શોભી રહ્યો હતો.

કોઈવાર એકદમ અજાણી લાગતી વ્યક્તિઓનો નિયતિ એવી રીતે મેળાપ કરાવે છે, જાણે કે એ ઘટના પાછળ કોઈ

ઉદ્દેશ હોય! મૃગા ખુશખુશાલ લાગી રહી હતી, એને એક નવી જગ્યાએ પહોંચવાનો આનંદ હતો. એ સ્થળ પણ હોય શકે અને જીવનનો મુકામ પણ હોય શકે!

બંને જણ સામાન સાથે પ્રિબુક્ડ ટેક્સીમાં ગોઠવાયા. ટેક્સી 'હૉટેલ રોક વ્યુ' તરફ ચાલવા લાગી. ઘેરી રાતે વાહનની ગતિ, સામાન્ય રીતે તો મૃગાને નિંદરનું એક મીઠું ઝોલું આપી દેત, પણ મૃગાની નજર સ્થિર થઈ ગઈ હતી, જાણે એ પોતાને જ ક્યાંક દિગંતમાં જોઈ રહી હતી! આ એની એ જ મૃગા છે? ભોળાં પારુમાની એકની એક લાડલી! કે પછી સંજોગો મૃગાને તરાશીને નવી મૂર્તિમાં કંડારી રહ્યા છે?

અનિકની ચકોર આંખથી એ છાનું ન રહ્યું.

"ક્યાં ખોવાઈ ગયા, મેડમ?"

"અરે ના, હું ખૂબ ખુશ છું! એક નવી દુનિયાની ઓળખાણ આજે તારા લીધે થશે. થેન્ક્સ."

"એમાં આભાર થોડો માનવાનો હોય? મને પોતાને આનંદ થશે કે હું તારા જેવી એક સુંદર યુવતીને સફળતા મેળવી આપવા માટે નિમિત્ત બની રહ્યો છું. આ પ્રોજેક્ટથી આપણો ગોવાનો આ ફેરો સફળ થઈ જવાનો. હજુ સમયને એનું કામ કરવા દે,

તું તારા નિર્ણય માટે જરૂરથી ખૂબ સંતોષ અને ગર્વ અનુભવીશ."

"હા, મારા જીવનનો આ નવો વળાંક તારા લીધે જ છે."

ટેક્સીએ એમને બંનેને હૉટેલ 'રૉક વ્યુ'ના રિસેપ્શન નજીક ઉતાર્યા. અનિકે રિસેપ્શન પર રૂમ બાબતે વાતચીત કરી. મૃગાએ સેનેટાઈઝર હાથમાં લઈ હાથ ઘસ્યા. એને એમાં ભૂતકાળ ભૂંસાયો હોય એવું લાગ્યું. અનિકે આગળ વધવા નિર્દેશ કર્યો. બંને પોતપોતાના રૂમ તરફ આગળ વધ્યા, જે નજીક નજીક જ હતા. છૂટા પડવાનો સમય થયો ત્યારે અનિકે સૂચના આપી:

"મૃગા, આજે અત્યારે ઓછો સમય મળશે, પણ બરાબર આરામ કરી લેજે. વહેલી સવારે સૂર્યના પહેલા કિરણ સાથે મારે પહેલો શૂટ કરવો છે. હું ખરેખર ખૂબ ખુશ છું કે બહુ લાંબા ગાળે આ કામ કરવા મળી રહ્યું છે."

"હા, લોકડાઉને બધાની લાઈફ લોક કરી નાંખી હતી."

"જો મૃગા, યુનિટની કાર તને લેવા આવશે એ પહેલાં મેક અપ સાથે ડ્રેસ અપ થઈ તૈયાર રહેજે. ડ્રેસ મેકઅપ-દાદા જ

લઈ આવશે. ઓકે? ગુડ નાઈટ.."

"શ્યોર. ગુડ નાઈટ.“

મૃગા હૉટેલ રૂમના પલંગ પર આડી પડી. વિચારોના વમળે એને ઘેરી લીધી.

“ક્યાં ક્યાં લઈ જાય છે, જિંદગી? ક્યારેક સ્વપ્નનો રસાળ પ્રદેશ મોહ પમાડે છે તો ક્યારેક વાસ્તવિકતાના પથરાળ પ્રદેશ પર પછડાટ આપે છે. ક્યાંક વ્હાલપ મળે તો ક્યાંક ધૂત્કાર! જે છે એ બધું આ દુનિયાનું જ છે, આપણું જ છે! એક જ અભિલાષા રાખવાની કે આપણી ગતિ હંમેશા કંઈક વધુ સારું પામવા તરફ રહેવી જોઈએ. કદાચ સંઘર્ષ પણ આપણને વધુ સક્ષમ બનાવવા જ આવે છે.”

સારા હકારાત્મક વિચારોથી એનું મન શાંત પડ્યું ને નિદ્રાદેવીએ એના મન પર કબજો કરી લીધો. ચહેરા પર આનંદનો દરિયો હતો અને એમાં મત્સ્ય જેવી આંખ સપનું ગળીને ઝંપી ગઈ. ભળભાંખળું થવાને વાર હતી. દરિયાનો એકધારો અવાજ ધ્યાનાવસ્થા જેવી શાંતિ આપતો હતો. બહુ જ ઝડપથી એલાર્મ વાગ્યું. આમે ય આજની રાત ઊંઘ માટે ક્યાં હતી? એણે તો સપનાં વીણવાનાં હતાં ને? સમયસર પ્રોપર્ટીમાંથી સામાન આવી ગયો. રૂમ પર જ ગ્રીન-ટી બનાવી ઝટપટ તૈયાર થવા લાગી. શુટીંગ માટે એણે કોરલ બ્લ્યુ મરમેઈડ સ્ટાઈલ ગાઉન પહેર્યો. અરીસા સામે એ ઊભી રહી, એ ખરેખર કોઈ મત્સ્યકન્યા હોય એટલી રૂપાળી લાગતી હતી!

ત્યાં જ બારણે ટકોરા વાગ્યા. મેકઅપદાદા એમનો સામાન લઈને આવી ગયા હતા. એમણે મૃગાની સુંદરતાને એક વધુ ઊંચા આયામ પર પહોંચાડવાનું શરૂ કર્યું. મૃગાને અરીસામાંથી જાણે અવાજ સંભળાયો, "મારી સોનપરી!"

પારુમા યાદ આવી ગયાં. જ્યારે મૃગા સરસ તૈયાર થાય ત્યારે એ કેટલું હરખાતાં? કાયમ એને 'સોનપરી' કહેતાં.

“પારુમા, તારાથી ખૂબ દૂર છું, કેટલાંય વખતથી મળી નથી, પણ મારા વિચારોમાં તું મારી સાથે જ હોય છે!”

એનું મન પારુમાને ઝંખતું હતું. “આજે કેમ મારી માડી મને બહુ યાદ આવે છે?”

"મેક અપ થઈ ગયો છે મેડમ!"

ત્યાં જ મોબાઈલમાં અનિકની રિંગ આવી.

"રેડી છું અનિક.."

"યુનિટની કાર લેવા આવશે તને. હું લોકેશન પર પહોંચી ગયો છું."

મૃગા કારમાં લોકેશન તરફ જવા લાગી. થોડી જ મિનિટોમાં એ પહોંચી.

મેકઅપમેને હેરસ્ટાઇલ અને મેક અપ રીટચ કર્યા પછી મૃગાને હીરાનું સુંદર ઝવેરાત અપાયું. જે હીરા અને ભૂરા પરવાળાથી બનેલ સુંદર ડિઝાઇન હતી.

"ગોર્જીયસ..!"

મૃગાએ આભાર ભરેલું સ્મિત કર્યું. ફ્લોર પર કંપોઝિશન્સ નક્કી થયા એમ મૃગા પોઝ આપવા લાગી. અવનવા ડ્રેસ, ઘરેણાં પહેરીને અલગ અલગ અંદાઝમાં, મુદ્રામાં ફોટોશુટ થયું, મૃગાએ જરાપણ થાક કે કંટાળા વગર કામ કર્યું. કોલેજમાં ખાલી વાર્ષિકોત્સવના રેમ્પ-વોકમાં ભાગ લેનારી યુવતીએ આજના શૂટિંગમાં જીવ રેડી દીધો.

વચ્ચે બ્રેક વખતે અનિક મૃગા પાસે જઈને કાનમાં બોલ્યો, “તું ધાર્યા કરતાં પણ વધારે ટેલેન્ટેડ નીકળી..!”

મૃગા માત્ર મીઠું હસી.

થોડી જ વારમાં લંચટાઈમ જાહેર થયો. અનિક લંચ પેક લઈને મૃગાની નજીક આવ્યો, એટલે એણે મૃગાની આંખમાં આંસુ જોયા.

"શું થયું? આખું યુનિટ અંજાઈ ગયું છે તારાથી! અને તને ખુશીને બદલે કેમ રડવું આવે છે?“

"ના ના, પારુમા યાદ આવી ગયા."

"હવે કાલે તો તું અમદાવાદ જવાની. ક્યાં વાર છે?"

મૃગા હસી પડી. ફરી એ જ આવર્તનો શરૂ થયા. હવે પારંપરિક પોશાક સાથે મૃગા નૃત્યના અવનવા પોઝ આપવા લાગી. દિગ્દર્શક તો એમની નવી મોડેલથી ખૂબ ખુશ હતા.

આખી ટીમને હવે મિજબાની થવાની હતી. કામ પૂરું થયું એ સાથે હવે બધાં ઉજવણી માંગતાં હતાં. અને એમાંય આ તો ગોવા હતું, ફેનીના જાદુને માણવા બધાં ઉત્સુક હતા. ડાન્સ એન્ડ ડાઈન ફ્લોર પણ ગોઠવાઈ ગયો હતો. સુંદર વાતાવરણ અને મોકો જોઈ અનિકે કહ્યું, "આપણે સાથે હોઈએ ત્યારે હું ખૂબ ખુશ હોઉં છું. કાયમ સાથે રહીશ?"

"અનિક, તું બહુ સારો મિત્ર છે મારો. મારે તને ઘણી બધી વાતો કરવાની છે, જેનાથી તું અજાણ છે. ઉતાવળ ન કર..."

"તું તારો સમય લેજે, લાંબી ચર્ચા કરવાનો સમય પણ નથી. એક વાત છે કે મેં મારું દિલ ખોલીને મૂક્યું. હવે તારી મરજી. મારી લાગણીમાં ક્યારેય કોઈ ફરક નહીં આવે.."

"થેન્ક્સ ફોર એવરીથીંગ."

મૃગાને કંઈ સૂઝ્યું નહીં. એણે નખથી જમીન ખોતરી.

અનિકે એનો હાથ હાથમાં લઈ દબાવ્યો. એની આંખમાં જોઈ રહ્યો. ત્યાં જ આજના કામના રીવ્યુ માટે કમ્પ્યુટર પર શૂટ જોવાનું શરૂ થયું. બધાં એકથી એક ચડિયાતા પરિણામથી ખુશખુશાલ હતા. મૃગાને બધાં અહોભાવથી જોવા લાગ્યા. દિગ્દર્શકને પણ કામનો સંતોષ હતો. એક વહેલી સવારના પહેલા શૂટમાં થોડી ટેકનિકલ ખામી રહી ગઈ હોય, એવું એમને લાગ્યું. એ ચર્ચા સાંભળી મૃગા બીજે દિવસે વહેલી સવારે રીશૂટ ગોઠવવા માટે રાજી થઈ ગઈ. નિષ્ઠાપૂર્વક કામ કરવું તો એના સ્વભાવમાં જ હતું.

ફરી એ જ, વહેલી પડે સવાર. ગઈકાલની જેમ જ લોકેશન પર એ લોકો પહોંચી ગયા. જેમ બને એમ જલ્દી શૂટ શરૂ થયું. સૂરજનું પહેલું કિરણ ધરતી પર આવે એ સમય સાથે મોડેલને કેમેરામાં કેદ કરવાની હતી. બધાં પોતાનું કામ બરાબર કરી રહ્યા હતા. મૃગા એના

પોઝમાં મગ્ન હતી અને ત્યાં જ કાચની બોટલો દરિયાના ખડકો પર એકદમ મૃગાની નજીક જ કોઈએ ફેંકી. બધાં ચમક્યા, મૃગા તો ગભરાઈ જ ગઈ, ડરથી કાંપવા લાગી. કોઈએ એને જ લક્ષ્ય બનાવીને બોટલો ફેંકી હતી કે શું? મૃગા આબાદ બચી ગઈ.

ધ્રૂજતી મૃગાની આંખો એક તરફ જડાઈ ગઈ. વિસ્ફારિત નયનો સામે જે ઘટના બની એનો પડઘો સંભળાતા કોઈ જ્ઞાત ભયે એના ચહેરાનું નૂર હણી લીધું. જાણે એ દિગમૂઢ બનીને આવનારી આંધીથી છળી ગઈ હતી. સમુદ્રી ફીણમાં એને એવો ચહેરો દેખાયો જે એને સ્વપ્નમાં પણ ડરાવી દેતો હતો! હેબતાઈ ગયેલી મૃગાની નજર વણમાંગ્યા મહેમાનની જેમ આવી બોટલ પર સ્થિર થઈ ગઈ.એ ભૂતકાળનો ઓથાર લઈને આવેલી કે ભવિષ્યને વેર વિખેર કરનાર વિષની કરચો હતી? વિચારની થાપટો એક વિશાળ ખડક પર અથડાઈ આવનાર સમય માટે ચેતવણી આપી શાંત થઈ ગઈ.

(ક્રમશઃ)

કેવી હશે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન?

વર્ધન શાહ

આજે ભારત પાસે 'ગતિમાન એક્સપ્રેસ' નામની સૌથી ઝડપી ટ્રેન છે. જે દિલ્હીથી ઝાંસી વચ્ચે ચાલી રહી છે. તેની મહત્તમ ઝડપ ૧૬૦ કિમી પ્રતિ કલાક છે. હવે વિચારો કે આ ગતિ બમણી થાય તો?

હા, બમણી કારણ કે ભારતની પહેલી બુલેટ ટ્રેન અમદાવાદ અને મુંબઇ વચ્ચે ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે.

બુલેટ ટ્રેન અથવા મેગ્લેવ ટ્રેન શું છે?

મેગ્લેવ (મેગ્નેટિક લેવિટેશન) એ ટ્રેન ટ્રાન્સપોર્ટેશનની એક સિસ્ટમ છે જે મેગ્નેટના બે સેટનો ઉપયોગ કરે છે: એક સેટ ટ્રેનને ટ્રેકથી ઉપર લાવવા માટે, અને બીજો સેટ એ ઘર્ષણના અભાવનો લાભ લઈને એલિવેટેડ ટ્રેનને આગળ વધારવા માટે કામ કરે છે.

મેગ્લેવ ટેકનોલોજીથી ટ્રેન મેગ્નેટના માર્ગદર્શિકામા મેગ્નેટના સેટ સાથે પ્રવાસ કરે છે, જે ટ્રેનની સ્થિરતા અને ગતિને નિયંત્રિત કરે છે. જ્યારે પ્રોપલ્શન અને લેવિટેશનને કોઈ ફરતા ભાગોની જરૂર હોતી નથી, તો બોગીઓ ટ્રેનના મુખ્ય ભાગ (એન્જિન)ની સાથે આગળ વધી શકે છે. આનાથી અકસ્માતની સંભાવના પણ ઘટી જાય છે.

આ ઇલેક્ટ્રિક રચનામાં મલ્ટીપલ યુનિટ્સ સાથે કામ કરે છે જેથી ડઝનેક બોગી સાથે ચાલી શકે છે. તેથી મેગ્લેવ ટ્રેનો પરંપરાગત ટ્રેનો કરતા શાંત હોય છે અને તે ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે.

હવે વિચારો કે આટલી ગતિથી પ્રવાસ કરતા કોઈ મુસાફરને તબીબી કટોકટી આવી શકે?

તમારે આ વિચારવું જોઈએ કારણ કે વિશ્વની સૌથી ઝડપી રોલર કોસ્ટર (અબુ ધાબી ફેરારી પાર્ક)ની ગતિ ૨૪૦ કિમી પ્રતિ કલાકની છે અને મારા અંગત અનુભવથી ઘણા લોકો આ રોલર કોસ્ટરની

આટલી ગતિને કારણે આઘાત અનુભવે છે અથવા ટૂંકા સમય માટે બેભાન થાય છે. તો આ ટ્રેનમાં પણ આવા પ્રકારની તબીબી કટોકટી માટે ટ્રેનમાં મેડિકલ ટીમ જોઈએ જ, એ સ્વાભાવિક છે.

ચાલો, આપણી પ્રથમ બુલેટ ટ્રેનની બીજી સુવિધાઓ પર એક નજર નાખીએ:

- ટ્રેન સંપૂર્ણ વાતાનુકૂલિત હશે.

  તેમાં ૧૦ કોચ હશે જેમા ક્રૂ મેમ્બર્સ વિના ૩૭૦ પેસેન્જર્સ મુસાફરી કરી શકશે.

  તેમાં ૧ વ્યવસાય વર્ગનો કોચ પણ હશે જેમાં ૫૦ મુસાફરો મુસાફરી કરી શકશે.

- ટ્રેન સંપૂર્ણ વાતાનુકૂલિત હશે.

  તેમાં ૧૦ કોચ હશે જેમા ક્રૂ મેમ્બર્સ વિના ૩૭૦ પેસેન્જર્સ મુસાફરી કરી શકશે.

  તેમાં ૧ વ્યવસાય વર્ગનો કોચ પણ હશે જેમાં ૫૦ મુસાફરો મુસાફરી કરી શકશે.

- એવું માનવામાં આવે છે કે ટ્રેન લગભગ ૯ સ્ટેશનો સાથે અમદાવાદ અને મુંબઇ વચ્ચે ૫૦૮ કિલોમીટર નું અંતર કાપવા બે કલાક અને સાત મિનિટનો સમય લેશે.

  મુસાફરોને ૨૧ કિલોમીટર સુધી પાણીની અંદર મુસાફરી કરવાનો અનુભવ પણ મળશે.

- આ ટ્રેન ૨૦૨૮ સુધીમાં આશરે ૪૦,૦૦૦ મુસાફરોને પ્રવાસ કરાવશે. ૩૫ બુલેટ ટ્રેન શરૂઆતમાં આ રૂટ પર દોડશે.

- તેની પેન્ટ્રીમાં ફાસ્ટ ફૂડ સહિત તમામ પ્રકારની વાનગીઓ ઉપલબ્ધ હશે અને તેમાં ચા અને કોફી બનાવવાનુ મશીન હશે.

- તેની સીટ ૩૬૦ ડિગ્રી ફરતી હશે જેથી મુસાફરો દરેક દિશાનો આનંદ લઈ શકે.

  વ્યવસાય વર્ગના કોચમાં વધુ પહોળી સીટ ને મોટો લેગરૂમ હશે અને તેમા લેપટોપ મૂકવા માટે વ્યવસ્થા હશે.

આ ઉપરાંત, તેમાં નીચેની વ્યવસ્થા પણ ઓન બોર્ડ હશે:

હાઇ સ્પીડ ફાઇવ જી વાઇ-ફાઇ,
વાયરલેસ મોબાઇલ ચાર્જર,
સેવા માટે સ્ટાફ,
તબીબી ટીમ,
ન્યુઝપેપર અને મેગેઝિન રેક,
બાળકને ધાવણ આપવા માટે સ્ત્રીઓ માટે અલાયદા કક્ષ,
પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ અલગ શૌચાલય,
વિકલાંગ મુસાફરો માટે વધુ જગ્યા

ધરાવતું ખાસ શૌચાલય,

નવા જન્મેલા બાળકો અને માતા માટેનો રૂમ,અને સામાન્ય સુવિધાઓ જેવી કે: ટી.વી.,ધૂમ્રપાન એલાર્મ, પ્રાથમિક સારવાર કિટ, કટોકટીની સાંકળ, વગેરે.

સ્ટેશન પરની સુવિધાઓ:

જે સુવિધાઓ તમને ટ્રેનમાં મળે તે બધી સુવિધાઓ સ્ટેશન પર મળશે,

આ ઉપરાંત તમે નીચેની સુવિધાઓનો તમે અનુભવ કરશો:

વિશાળ પ્રતીક્ષા ક્ષેત્ર, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બધી જગ્યાએ ડસ્ટબીન, રેસ્ટોરન્ટ અને કાફેટેરિયા, સ્ટેશન નજીક રહેવા માટે હોટલ્સ, ટ્રેન-ચાર્જિંગ સ્ટેશન, વગેરે.

અત્યાર સુધી ૯ સ્ટેશન નક્કી થયા છે:

સાબરમતી (અમદાવાદ), આણંદ, બરોડા, સુરત, વાપી, બોઇસર/પાલઘર, વિરાર, થાણે અને બાન્દ્રા.

સલામતી:

- આ તકનીક જાપાનથી આવી છે અને જાપાન લગભગ દરરોજ ભૂકંપનો સામનો કરે છે.

  તેથી, ભારતમાં જો ટ્રેન ચલાવતી વખતે ભૂકંપ આવે, તો પાઇલટ્સને ટ્રેન ધીમી કરવી પડે અથવા થોભાવવી પડે, પરંતુ તેમાંના તમામ મુસાફરો સુરક્ષિત રહેશે.
- રેલવે વિભાગ દ્વારા ટ્રેનના કોચ અને રૂટનુ સાપ્તાહિક પરીક્ષણ કરવામાં આવશે.
- કટોકટીની પરિસ્થિતિઓ માટે એક અલગ ટ્રેક નક્કી કરવામાં આવ્યો છે.
- સલામતી માટે આ ટ્રેનમાં દરેક સાધન હશે જેની આપણે ઉપર વાત કરી.

બુલેટ ટ્રેન બાદ ભારતનું ચિત્ર:

- ભારત પાસે પરિવહનની નવીનતમ તકનીક હશે અને આ પ્રોજેક્ટ ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસને ઝડપી બનાવશે
- આ પ્રોજેક્ટથી ભારત વિવિધ પર્યટન સ્થળો ઉભા કરી શકે છે.
- ભારત સરકાર લગભગ દરેક મોટા શહેરોને આ પ્રકારની ટ્રેનોથી જોડવાનો પ્રયાસ કરશે અને તે નવા મોટા શહેરો અને મેટ્રો શહેરો ઉમેરશે.
- બુલેટ ટ્રેન સ્ટેશનો નજીકના રોકાણોમાં વધુ વૃદ્ધિ થશે અને તેઓ અર્થવ્યવસ્થાનો વિકાસ કરશે.
- આ પ્રોજેક્ટ અને ભવિષ્યના ભારતીય બુલેટ પ્રોજેક્ટ્સ દ્વારા, આપણી પાસે વિદેશી રોકાણો આવશે.

આપણે આશા રાખીએ કે આ પ્રોજેક્ટ તેની જમીન સંપાદન પ્રક્રિયા સાથે ટૂંક સમયમાં પૂર્ણ થાય અને તે ભારતની વૃદ્ધિ બુલેટ ટ્રેનની ઝડપે થવા લાગે.



REWINDING...

સ્ટેચ્યૂ રમવાની મઝા

અનિલ જોશી

વરસો પછી મારા ગામની શેરીમાં પગ મૂક્યો ત્યારે આખીયે શેરી હું સાવ અજાણ્યો હોઉં એમ મને તાકી રહી. ડંકી પાસે પાણી ગૂંથતાં છોકરાઓ, એકાદ-બે રખડતી બકરીઓ, પોદળો કરતી ગાય, જૂની ગટરોના કાટ ખાધેલાં ઢાંકણાં, અગાશી અને ધાબા ઉપર શિયાળાનો તડકો ખાતા બીમાર વૃદ્ધો, ઊડતી સમળી - આ બધાં જ મને શ્વાસની માફક વળગી પડ્યાં. પણ આજે એમાંનું કોઈ મને ઓળખતું નથી, મારા શૈશવનું આઇડેન્ટિટી કાર્ડ બતાવું તોપણ મારી શેરી મને ઓળખવા તૈયાર નથી. આ શેરીવટો જોઈને હું ખૂબ વિહ્વળ થઈ જાઉં છું, પણ વીતેલા સમયમાં હું કેમેય કરી પાછો ફરી શકતો નથી. આંખમાં એ મકાનો ઠાંસી ઠાંસીને ભરી લઉં કે પછી એ શેરીને શ્વાસમાં લઈ ફેફસાંમાં ભરી લઉં એવી તીવ્ર ઇચ્છા થઈ આવે છે, પણ હું કશું જ કરી શકતો નથી. મારી શેરીમાં ભૂતકાળનાં જળ થીજી ગયાં છે.

સાંજ પડતાં હું એકડિયાં-બગડિયાં ઘૂંટતો હતો એ તાલુકા શાળાના કમ્પાઉન્ડમાં કોઈને ખબર ન પડે એ રીતે પગ મૂકું છુ. એ શાળાનું

મકાન હજી એવું ને એવું રહ્યું છે. રિસેસમાં અમે પાણી પીવા જતાં એ પાણીની ઓરડીની જગ્યાએ મોટું મકાન બંધાઈ ગયું છે. શાળાનાં પગથિયાં પાસેની ભીંતનો ઉપયોગ અમે પેનની અણી કાઢવા માટે કરતા, એ ભીંત એવી ને એવી સચવાઈ રહી છે. આજે એ ભીંતનો અમુક ભાગ પેનના ઘસારાથી આધુનિક શિલ્પકાળના નમૂના જેવો લાગે છે. હું એ ભીંતને હાથ ફેરવવા જાઉં છું ત્યાં મારી આખી બારાખડી ખળભળી ઊઠે છે. કક્કો ઊંધોચતો થઈ જાય છે. સાંજના ઊતરતા અંધારામાં હું એ શાળાનું કમ્પાઉન્ડ છોડું છું ત્યારે કોઈ મનમાં બોલેને તોય મોટા અવાજે સાંભળી શકાય એવી શૂન્યતાથી હું આખો ભરાઈ જાઉં છું.

વહેલી સવારે શેરીમાં કેટલાક છોકરાઓને કેસૂડાનો રંગ બનાવતા જોઉં છું ત્યારે વસંતઋતુનું આછું લખલખું મારા શરીરમાંથી વીજળીના કરંટની જેમ પસાર થઈ જાય છે. પાંડુ જેવો હું કેસૂડાને અડકવા જાઉં છું. પણ અડકી શકતો નથી. કોઈ તોફાની છોકરો મને રંગ છાંટી દેશે તો ? એવી બીકથી થથરીને હું એક ઢાળિયામાં ભરાઈ જાઉં છું. એ એકઢાળિયાની ગોખલા જેવી બારીમાંથી જેટલી દેખાય એટલી શેરી જોઉં છું ત્યારે મને લાગે છે કે શેરી બદલાઈ નથી પણ હું બદલાયો છું. શૈશવની ઊછળકૂદ કુદરતી હતી. હવે એ ઊછળકૂદ મારે પરફોર્મ કરવી પડે છે. શૈશવ તો પતંગિયા જેવું આવ્યું, બેઠું અને ઊઠ્યું. પણ એ શૈશવના ઊડી ગયેલા પતંગિયા કોઈવાર મારાં ચશ્માંના કાચ ઉપર આવીને બેસી જાય છે. ત્યારે મારા ચશ્માં ઓગળીને રેલાઈ જાય છે. સાલ્વાદોર ડાલીએ જેમ ઓગળતી ઘડિયાળોનું ચિત્ર દોર્યું એમ ઓગળતાં ચશ્માંનું ચિત્ર દોરવાનું મન થાય છે.

અમારી શેરીમાં 'સ્ટેચ્યૂ'ની રમત ખૂબ પ્રચલિત હતી. મારા બાળપણના ભેરુઓ સાથે મેં પણ 'સ્ટેચ્યૂ' બંધાવેલું. આ સ્ટેચ્યૂ રમતની વિશેષતા એ હતી કે તમે સ્ટેચ્યૂનો આદેશ આપીને સામા ભેરુની બધી જ ક્રિયાઓ થીજાવી શકો છો. અમે બધા ભેરુઓ એકબીજાને 'સ્ટેચ્યૂ' કહીને થીજાવી દીધાનો આનંદ લેતાં મારા ભેરુઓમાં ઝીણો કરીને એક ભરવાડનો છોકરો હતો. એના લૂગડામાંથી ગાય, ભેંસ અને બકરાની વાસ આવતી. એના નાકમાંથી દ્રવ્ય સતત ટપકતું જ હોય. એ ગેટવાળી શેરીમાં રહેતો. ઊછળકૂદમાં એને કોઈ પહોંચી શકતું નથી. એ છાપરા ઉપર કે ઝાડ ઉપર વાંદરાની જેમ સડસડાટ ચડી જતો. એ ઝીણો 'સ્ટેચ્યૂ' કહેવામાં ભારે ઉસ્તાદ હતો. એ એટલો બધો ચપળ હતો કે અમને સ્ટેચ્યૂ કહેવાનો મોકો જ મળતો નહીં. અમે બધા મનમાં ને મનમાં સમસમી રહેતા પણ ઝીણાની ચપળતાનો કોઈ જવાબ નહોતો. ઝીણાને સ્ટેચ્યૂ કહીને થિજાવી દેવાના અમે અનેક પ્લાન કર્યા પણ અમારી કારી ક્યાંય ફાવી નહીં.

એક દિવસ અમે ફળિયામાં નારગોલ રમતાં હતાં. ત્યાં શેરીમાં મોટો હોહો ગોકીરો થઈ ગયો. ડેલીઓ ફટોફટ ઊઘડી ગઈ. અમે નારગોલનાં ઠીકરા એમ ને એમ મૂકીને ડેલી ઠેકતાંક ચોકમાં આવ્યા. ચોકમાં આવીને જોયું તો ઝીણો વીજળીના થાંભલા સાથે ચોંટીને સ્ટેચ્યૂ થઈ ગયો હતો. અમારો જીવ તાળવે ચડી ગયો. શેરીમાં ભેગા થયેલા લોકો ઊંચક જીવે આ કંપારી છૂટે એવું દૃશ્ય જોઈ રહ્યાં. વીજળીનો પ્રવાહ અટકાવીને થાંભલા ઉપરથી ઝીણાનું શબ નીચે ઉતાર્યું ત્યારે આખી શેરી રોવા જેવી થઈ ગઈ. અમારા બધા ભેરુઓની આંખ સામે ઝીણો સ્ટેચ્યૂ થઈ ગયો. એ પ્રસંગ

હજી આંખ સામેથી ખસતો નથી, પણ હવે ઝીણાને કોણ કહે કે અમે તને સ્ટેચ્યૂ કહ્યું નથીને તું સ્ટેચ્યૂ શું કામ થઈ ગયો? તને કોણે સ્ટેચ્યૂ કહ્યું? આ સવાલનો મને કોઈ જવાબ આપતું નથી.

આજે એ વીજળીનો થાંભલો મારી ગોખલા જેવી બારીમાંથી હું જોઉં છું ત્યારે હું પોતે જ સ્ટેચ્યુ જેવો થઈ જાઉં છુ. ઉનાળાની બપોરે એ થાંભલા પાસે એક ગલૂડિયું સૂતું છે. કાગળના કેટલાક ટુકડાઓ હવામાં આમતેમ ઊડે છે, એકાદ કાગડો થોડી ક્ષણ માટે એ થાંભલા ઉપર બેસીને ઊડી જાય છે, એ સિવાય થાંભલા પાસે કાગળના છૂટાછવાયા ટુકડાઓને પાગલ પવન મન ફાવે તેમ ઊંચકે છે. આડાઅવળા કરે છે અને પછી ગમે ત્યાં ફેંકી દે છે. એ રઝળતા કાગળના ટુકડાઓ ભેગો હું એ કાગળ થઈને મારી શેરીમાં રઝળ્યા કરું છું. બધાં જ સ્ટેચ્યૂ થઈ ગયાં છે. કોઈ હાલતું નથી કે કોઈ બોલતું નથી.

વિષાદભર્યા પગલે હું મારા ઘરની ઓસરીમાં આવું છું. એ ઓસરીમાં ઠાકોરજીના આળિયા પાસે અટકું છું. હળવે હાથે ધીમેકથી આળિયો ખોલું છું. આળિયો ખૂલતાં શ્રીકૃષ્ણની પિત્તળની મૂર્તિ જોતાં 'ભગવાન તમે પણ સ્ટેચ્યૂ થઈ ગયા?' એવો સવાલ પૂછીને મૂર્તિ પાછી મૂકી દઉં છું. આળિયો બંધ કરી દઉં છું ને જન્માષ્ટમીના દિવસોનાં સ્મરણોથી હું મેળામાં પહોંચી જાઉં છું.

જન્માષ્ટમીના તહેવારની અમે કાગને ડોળે રાહ જોતા. પંચનાથ પાસે એ દિવસોમાં મોટો મેળો ભરાતો. એ મેળામાં જવાનો થનગનાટ અમે શ્રાવણ મહિનો બેસતાં જ અનુભવતા. એક જન્માષ્ટમીની આગલી રાતે મેં મેળામાં જવાની બધી જ તૈયારીઓ કરી લીધી. બજરિયા રંગનું બાંડિયું અને બ્લ્યુ ચડ્ડીને ગાદલા નીચે ઇસ્ત્રી કરવા મૂકી દીધાં. જન્માષ્ટમીની વહેલી સવારે બાએ મને ખૂબ ધમાર્યો માથામાં બાબરી પાડી આપી. આંખમાં આંજણ આંજી દીધું. હું બહુ રૂપાળો નહોતો છતાંય કોઈની નજર ન લાગી જાય એ માટે ગાલ ઉપર મેશનું ટપકું કર્યું. એકાદ-બે રૂપિયાનું પરચૂરણ પણ વાપરવા આપ્યું. હું તૈયાર થઈને મેળામાં જવા નીકળતો હતો ત્યાં મારી બા બોલી : 'મેળામાં જતાં પહેલાં ઠાકોરજી પાસે દીવો મૂકી આવ! લે આ દીવો ને બાકસ, ઠાકોરજીને પગે લાગીને પછી મેળામાં જજે.'

મેં બાકસ અને દીવો હાથમાં લીધાં. જલદી જલદી ઓસરીમાં જઈ આળિયો ઉઘાડ્યો. ઠાકોરજી પાસે દીવો મૂક્યો. દીવાસળીથી દીવો પેટાવ્યો. ઠાકોરજીને અરધું-પર પગે લાગીને આળિયો બંધ કરતોક ભેરુઓ સાથે મેળામાં જવા નીકળી પડ્યો. આખો દિવસ મેળો ખૂંધો, ખૂબ ઊછળકૂદ કરી. સાંજે હવા નીકળી ગયેલા ફુગ્ગા જેવો થઈને ઘેર પાછો ફર્યો ત્યારે ફળિયામાં વાતાવરણ તંગ હતું. ઘરમાં સૌનાં મોઢાં ચડેલ હતાં. ફળિયાની ચોકડીમાં જોયું તો કૃષ્ણની કાળીમેંશ મૂર્તિ ખાટી છાશમાં પડી હતી, ઠાકોરજીનો અરધો બળેલો આળિયો ઓસરીની થાંભલી પાસે પડ્યો હતો. ઠાકોરજીની મોરપિચ્છની સાવરણી, ગાદી, છત્ર અને વાઘા બળીને રાખ થઈ ગયાં હતાં. સવારે મેં દીવો સરખી રીતે મૂક્યો નહીં એટલે આ હોનારત સર્જાઈ છે એવું કહીને મને એ ગિલ્ટ ફિલ કરાવવા લાગ્યાં. બાએ પણ મને ઠપકો દીધો. એ દિવસથી હું નિરાંતે ઊંઘી શક્યો નથી. કૃષ્ણને મેં બાળી નાખ્યા છે એટલે કૃષ્ણ કાળા છે. એમ હું ઝનૂનપૂર્વક માનતો થઈ ગયો પણ એ બધી માન્યતાઓ અને પ્રસંગો આજે સ્ટેચ્યૂ થઈને થીજી ગયા છે.

પણ આ સ્ટેચ્યૂ રમવાની પણ એક મઝા છે. કોઈ બાળકના રમતિયાળ ચાળામાંથી આ સૃષ્ટિ જન્મી હોય વો ભાવ વધુ ને વધુ દૃઢ થતો જાય છે. કોઈ વસ્તુને ગંભીર સ્વરૂપ આપીને ફિલસૂફી ડોળીએ છીએ તો એની સામે હલકાંફૂલકાં ઊડતાં પતંગિયાં પણ છે. ઊધડતાં ફૂલ પણ છે. ખરો સવાલ દૃષ્ટિની છે. મૃત્યુને આપણે અત્યંત ગંભીરતાપૂર્વક સ્વીકારીને શોકાતુર થઈ જઈએ છીએ, ત્યારે કહેવાનું મન થઈ આવે છે કે ઈશ્વરે આપણી સાથે સ્ટેચ્યૂ બંધાવ્યું છે એટલે એ કોઈપણ ક્ષણે ગમે તેને સ્ટેચ્યૂ કહીને થિજાવી શકે છે. આપણે પણ ઈશ્વરને સ્ટેચ્યૂ કહીને મંદિરમાં અને પુસ્તકોમાં થીજાવી જ દીધા છે ને! જો આમ હોય તો શોકાતુર થઈને જીવ બાળવાનું કોઈ કારણ નથી. રમતમાં ખેલદિલીનાં આનંદ સિવાય બીજું કાંઈ ન ખપે. અહલ્યા પણ સ્ટેચ્યૂ થઈને રામના સ્પર્શથી હાલતી-ચાલતી થઈ ગઈ તો આપણે મૃત્યુ પામીને હાલતાચાલતા નહીં જ થઈએ એની શી ખાતરી?

ઈશ્વર પણ ઝીણા ભરવાડ જેવો સ્ટેચ્યૂ કહેવામાં ઉસ્તાદ છે. ઊડતા પંખીને સ્ટેચ્યૂ કહે છે ત્યારે ક્રૌંચવધ થાય છે. એ વહેતા પવનને સ્ટેચ્યૂ કહે છે ત્યારે પવન પડી જાય છે. એ ખળખળ વહેતાં પાણીને સ્ટેચ્યૂ કહે છે ત્યારે બરફ થઈ જાય છે. એ ઘટાદાર વૃક્ષને સ્ટેચ્યૂ કહે છે ત્યારે ટેબલ થઈ જાય છે. (લાકડાનું ટેબલ એ વૃક્ષને કહેલું સ્ટેચ્યુ છે.) એ ભાષાને સ્ટેચ્યૂ કહે ત્યારે શબ્દકોશ થઈ જાય છે. એ સમયને સ્ટેચ્યૂ કહે ત્યારે ભૂતકાળ બની જાય

છે. આમ શૈશવની સ્મૃતિ એ ભૂતકાળે બનીને સ્ટેચ્યૂ થઈ ગયેલા સમયની વાત છે. કાંડાઘડિયાળ સતત ચાલ્યા કરે છે. એક પછી એક ક્ષણ ઝડપથી સ્ટેચ્યૂ થતી જાય છે. સૂર્યનો ગોળો પૂર્વથી ઊંચકાઈને પશ્ચિમમાં ફેંકાય છે. ગુલમહોરના થડ ઉપર કાન માંડતાં ઉનાળો સંભળાય છે. ગુલમહોરને ફરી લાલચટક ફૂલો આવશે. સ્ટેચ્યૂ થયેલા આંબાને ફરી કેરી આવશે. માતાના ગર્ભમાં સ્ટેચ્યૂ થયેલું કોઈનું શૈશવ ફરી પાછું એ જ શેરીમાં ભાખોડિયાં ભરતું ચાલશે અને મારી શેરીને સ્ટેચ્યૂની રમતથી ગજાવી મૂકશે.

પિન્કી પરીખ

મન શું કહે છે!



આપણને જિંદગી મળી છે. એને જેવી રીતે ચલાવીશું, એવી જ રીતે એ ચાલવાની છે. પણ ઘણા કિસ્સા એવા બનતા હોય છે, જે આપણી મરજી કે નામરજી જોતા નથી. હા, પણ આપણને એવા ઘણા ચાન્સ મળતા હોય છે, જે ઘણીવાર આપણે ઇગ્નોર કરી લઈએ છીએ; એવા ચાન્સ જેનાથી આપણે આપણી જિંદગીને વધારે ખૂબસુરત બનાવી શકીએ છીએ.

'મન શું કહે છે!' આપણું મન ઘણીવાર આપણને ઘણું કરવા સમજાવતું હોય છે. પણ આપણે આપણી આદત મુજબ તેને સાંભળતા નથી. આપણે આપણી જિંદગીમાં એટલા બીઝી થઈ ગયા છીએ કે આપણને પોતાના માટે જ ટાઈમ નથી રહેતો. તો પછી મન શું કહે છે તે સાંભળવા માટે આપણી પાસે ટાઈમ જ ક્યાં છે? જિંદગીની ભાગદોડમાં આપણે એક રેસ લગાવી દીધી છે. અને તેમાં બસ સૌથી આગળ જ નીકળી જવું છે. અને આ પહેલા આવવાનાં ચક્કરમાં જ આપણે ઘણું બધું પાછળ મૂકી દઈએ છીએ. આપણને શું ગમે છે કે શું નથી ગમતું - આપણે ક્યારેય એ વિશે શાંતિથી બેસીને વિચાર્યું જ નથી.

મન ખુબજ લાગણીશીલ હોય છે. તે આપણી ખુશી માટે ઘણું બધું કહેવા માંગતું હોય છે. આપણને જે ગમતું હોય છે તે કરવા માટે આપણને ઘણી વાર સમજાવતું હોય છે. આપણી અંદર રહેલી ભાવનાઓને બહાર લાવવા માટે પ્રયત્ન કરતું હોય છે. પણ આપણે બીજાની ખુશી માટે આપણી અંદર રહેલી લાગણીને ભૂલી જઈએ છીએ.

જીવનમાં ફક્ત જવાબદારી અને કર્તવ્ય જ મહત્વના નથી. તેના કરતાં પણ

સૌથી મોટી મહત્વની વાત એ છે કે આપણે પણ એ કરવું જોઈએ જેમાં આપણું મન હોય છે. જે આપણા મનને ગમતું હોય છે. પણ હંમેશા આપણે આપણા સંસ્કારોને અને તેની મર્યાદાઓને એટલું બધું મહત્વ આપીએ છીએ કે ઘણીવાર આપણે આપણી ઈચ્છાઓને જ મારી નાખીએ છીએ. બીજા શું વિચારશે, તે જ વિચારમાં આપણે આપણું ગમતું છોડી દઈએ છીએ. પરંતુ દર વખતે આવી રીતે કરવું યોગ્ય નથી. ક્યારેક-ક્યારેક શાંતિથી બેસીને પોતાને શું કરવું ગમે છે તે વિચારવું જરૂરી છે. અને એના કરતાં પણ મોટી વાત કે તેને અમલમાં મુકવું પણ જરૂરી છે.

પોતાના માટે પણ જીવન જીવવું જોઈએ. પોતાને મનગમતી વસ્તુને પણ એટલું જ મહત્વ આપવું જરૂરી છે. પોતાને ગમતું પણ ક્યારેક કરી દેવું જોઈએ. બસ હંમેશા બીજાની શું ગમે છે તે વિચારવું જરૂરી નથી. પોતાને ગમે છે, પણ તે બીજાને નહીં ગમે - આ વિચારવાનું હવે છોડી દેવું જોઈએ. જિંદગી પોતાની છે. પોતે પણ એટલા જ ખુશીના અધિકાર છે જેટલા બીજા લોકો છે. માટે જ મનનું સાંભળવું જરૂરી છે. પોતાને ગમતું કરીને પોતાને ખુશી મળે તેનાથી બીજી કોઈ વાત મોટી હોય ન શકે.

પંખ e-magazine

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં 'Word File Format'માં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી. ગુજરાતી લખાણના બધા નિયમો પળાય એ સૌથી પાયાની જરૂરિયાત છે.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો અંગ્રેજી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

(૪) **કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે:** pankhemagazine@gmail.com

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો મેઇલ દ્વારા જ જાણ કરવામાં આવશે. અન્ય માધ્યમોમાં એ વિશે પૃચ્છા કરવી નહીં.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

(૮) કૃતિનો સ્વીકાર થાય તો તમને મેઈલ મળી જશે. જો એ માટે વિલંબ થાય ને તમે અન્ય માધ્યમોમાં આપો, તો પણ વાંધો નહિ. એ માટે તમારે અમને જાણ કરવી જરૂરી નથી. કારણ કે જ્યારે પણ અમે નક્કી કરીશું કે હવે આ કૃતિ અમારે મુકવી છે, તો એ પહેલા અમે મેઈલ કરીશું જ. આપનો જવાબ નહિ આવે ત્યાં સુધી નહિ મૂકીએ.

(૯) સામાન્યતઃ એવો નિયમ હોય છે કે કૃતિ એક કરતાં વધુ જગ્યાએ મોકલો, તો જ્યાંથી વહેલો જવાબ આવે, એ સિવાયની જગ્યાએ સર્જકે જ સામેથી જાણ કરવાની હોય છે. પણ અમે એ કામ સર્જક માટે આસાન બનાવ્યું છે. અમે પૂછીએ અને જો તમારી કૃતિ બીજે ના સ્વીકારાયી હોય તો અમે પછી સ્વીકારીએ છીએ.

પંખ e-magazine

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

આપને 'પંખ'નો આ અંક કેવો લાગ્યો ?
આપના પ્રતિભાવો WhatsApp દ્વારા આપવા માટે અહીં ક્લિક કરો.

https://wa.me/916355953355

ટીમ 'પંખ'

યાજ્ઞિક વધાસિયા

કેયુર દુધાત

અનંત ગોહિલ

વિરલ જોશી

હોઝેફા અગવાન

ડિઝાઇનિંગ

ધ્રુવિલ ચોડવડીયા

મિહિર ગેડીયા

આ અંકમાં સહભાગી કલમો

અનિલ જોશી

જવાહર બક્ષી

રાજુલ ભાનુશાલી

હીરલ વ્યાસ

ડૉ કાર્તિક શાહ

ડૉ. રંજન જોષી

તેજલ શાહ

બંસરી જોષી

અર્ચિતા દીપક પંડ્યા

વર્ધન શાહ

પિન્કી પરીખ

કે. ડી. સેદાણી 'આકાશ'

ફોટોગ્રાફી

ધર્મવીરસિંહ ઝાલા (ફ્રન્ટ કવર)

https://instagram.com/zalas_street?utm_medium=copy_link

અમીત સોલંકી (બેક કવર)

https://instagram.com/vasco_di_gama_?utm_medium=copy_link